પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૦૭, કુલ પાના:૪, તારીખ: ૨૮-૧૨-૨૦૨૦ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 107 PRICE :-RS. 1.50 DATE : 28-12-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# ૨૦૩૦ સુધીમાં ભારત બનશે દુનિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા : રિપોર્ટ



ન્યુ દિલ્હી,
દુનિયાભરમાં ફેલાયેલા કોરોના વાયરસની વચ્ચે એક સારા સમાચાર આવ્યા છે. વર્ષ ૨૦૨૫ સુધી ભારત ફરી એકવાર દુનિયાની પાંચ સૌથી મોટી અર્થવ્યવસ્થામાં સામેલ થઈ જશે અને બ્રિટન છઠ્ઠા નંબર પર પહોંચી જશે. રિપોર્ટમાં અનુમાન લગાવવામાં આવ્યું છે કે ઈન્ડિયન ઈકોનોમી ઝડપથી રિકવર કરશે. આ ઉપરાંત વર્ષ ૨૦૩૦ સુધી ભારત દુનિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા પૈકી એક હશે. નોંધનીય છે કે, હાલના સમયમાં ભારત દુનિયાની છઠ્ઠી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. બ્રિટનના પ્રમુખ સેન્ટર ફોર ઈકોનોમિક્સ એન્ડ બિઝનેસ રિસર્ચએ શનિવારે પ્રકાશિત એક વાર્ષિક રિપોર્ટમાં જણાવ્યું કે કોરોના મહામારીના કારણે દેશની અર્થવ્યવસ્થાને મોટો આંચકો લાગ્યો છે. પરંતુ તમામ દેશ ધીમે-ધીમે રિકવર થઈ રહ્યા છે.

વર્ષ ૨૦૧૯માં ભારતે બ્રિટનને પછાડી દીધું હતું,પરંતુ મહામારીના કારણે ફરી એકવાર બ્રિટન ભારતને પછાડીને આગળ જતું રહ્યું છે. રિપોર્ટ મુજબ, બ્રિટન ૨૦૨૪ સુધી ભારતથી આગળ રહી શકે છે. એવું માનવામાં આવી રહ્યું છે કે ૨૦૨૧માં ભારતની વૃદ્ધિ ૯ ટકા અને ૨૦૨૨માં ૭ ટકા રહેશે.

**વર્ષ ૨૦૨૫ સુધી ભારત ફરી એકવાર દુનિયાની પાંચ સૌથી મોટી અર્થવ્યવસ્થામાં સામેલ થઈ જશે અને બ્રિટન છઠ્ઠા નંબર પર પહોંચી જશે**

સીઈબીઆરનું માનવું છે કે ભારત ધીમે-ધીમે આર્થિક રીતે મજબૂત થઈને આગળ વધશે. ૨૦૨૫માં તેનો વાર્ષિક વૃદ્ધિ દર ૫.૮% જ હશે. આ ગ્રોથના કારણે ભારત ૨૦૩૦ સુધી ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થાવાળો દેશ બનશે. સીઈબીઆરના પૂર્વાનુમાનમાં કહ્યું છે કે આ વૃદ્ધિથી ભારત ૨૦૩૦ સુધી દુનિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. સીઈબીઆરએ કહ્યું કે મહામારી ભારત માટે એક માનવીય અને આર્થિક 'તબાહી' રહી છે.

જેમાં ડિસેમ્બરના મધ્ય સુધી ૧,૪૦,૦૦૦થી વધુ મોતો નોંધવામાં આવી છે. નોંધનીય છે કે, વર્ષ ૨૦૨૫માં બ્રિટન, ૨૦૨૭માં જર્મની અને ૨૦૩૦માં જાપાનને પછળ ધકેલીને ભારત આગળ નીકળી જશે. બીજી તરફ બ્રિટનના થિંક ટેંકે અનુમાન લગાવ્યું છે કે ચીન ૨૦૨૮ સુધી અમેરિકાને પાછળ મૂકી દેશે. ત્યારબાદ તે અમેરિકાને પછાડીને દુનિયાની સૌથી મોટી અર્થવ્યવસ્થાવાળો દેશ બની જશે.

## ડુપ્લીકેટ રસીદનું કૌભાંડને લઈ કોંગ્રેસે ઉઠાવ્યા સવાલ



અમદાવાદ,
દીવાળી બાદ કોરોનાના કેસમાં વધારો છતાં સરકાર હરકતમાં આવી ગઈ હતી. જે બાદ અનેક નિયમો કડક બનાવવામાં આવ્યા હતા. જ્યારે માસ્ક ન પહેરનાર પાસે ૧૦૦૦ રૂપિયા દંડ ફટકારવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જ્યારે હવે એક એવી ઘટના સામે આવી છે જેમા અમદાવાદ ટ્રાફિક પોલીસે અલગ અલગ વ્યક્તિને એક રીસિપ્ટ નંબરના બે મેમો આપ્યા હતા. એક જ રીસિપ્ટ નંબરના બે મેમો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. મેમો નેહરુનગર વિસ્તારમાંથી અપાયા હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં માસ્ક ન પહેરવા બદલ વાસણાના રહેવાસી દંપતીને મેમો આપવામાં આવ્યો હતો.

આ મેમો મામલે ટ્રાફિક ડીસીપીએ લૂલો બચાવ કર્યો હતો. ડીસીપીએ કહ્યું કે, કાર્બન ભૂલી જતા એક જ સિરિયલ નંબરના બે મેમો બન્યા. તો બીજી તરફ ટ્રાફિક પોલીસનું વ્યવસ્થિત કૌભાંડ થતું હોવાનો કોંગ્રસે આરોપ લગાવ્યો છે. સમગ્ર મામલે અમદાવાદમાં માસ્ક ન પહેરવા બદલ એક દંપતીને એક જ નંબર ની રસીદ વાળા બે મેમો આપી દેતા વિવાદ સર્જાયો હતો. વાસણા રહેવાસી દંપતી નહેરુનગર પાસેથી પસાર થઈ રહ્યા હતા અને તે દરમિયાન સેટેલાઈટ પોલીસ દ્વારા તેઓને માત્ર ન પહેરવા બદલ રોકવામાં આવ્યા હતા અને બંનેને મેમો આપવામાં આવ્યો હતો. જોકે આ મેમો માં રસીદ નંબર હોવાથી ફરિયાદી દ્વારા રસીદમાં કૌભાંડ થઈ રહેલ હોવાનો આક્ષેપ લગાવવામાં આવ્યો હતો.

આ ઘટના બહાર આવતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા સમગ્ર મામલે તપાસના આદેશ કરવામાં આવ્યા હતા. અને એસીપી કક્ષાના અધિકારીને તપાસ સોંપવામાં આવી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહિલા પી.એસ.આઈ એ જ્યારે મેમો બનાવ્યો ત્યારે કાર્બન કૉપી મુકવા માં ભૂલ કરી હતી તેને પરિણામે આ એક જ નંબર ની બે રસીદ ભૂલથી અપાઈ ગઈ હતી. એક જ રસીદ આપવા પાછળ બીજી કોઈ કારણ જાણવા મળ્યું ના હતું. જો કે આ ગંભીર ભૂલ બદલ પી એસ આઈ સામે ખાતાકીય કાર્યવાહી પણ થઈ શકે છે.

## શરતો સાથે મંગળવારે સવારે સરકાર સાથે બેઠક કરશે અંદોલનકારી ખેડૂતો



ન્યુ દિલ્હી,
નવા કૃષિ કાયદાના વિરોધમાં દેશભરના ખેડૂત ૩૨ દિવસથી દિલ્હી બોર્ડર પર એકઠા થયા છે. ખેડૂત સંગઠન કાયદો પાછો લેવા માટે જીદ પર અડગ છે. તેમનું કહેવું છે કે તે કાયદામાં કોઈ પણ પ્રકારના સુધારા માટે તૈયાર નથી, સરકારે તેને પાછા લેવા પડશે. આ બધાની વચ્ચે ખેડૂત સંગઠનોએ લોકોને અપીલ કરી છે કે પીએમ જેટલો સમય આ કાર્યક્રમમાં બોલશે, તમામ તાળી-થાળી વગાડીને વિરોધ વ્યક્ત કરશો. આ પહેલા શનિવારે ખેડૂત સંગઠન સરકાર સાથે વાતચીત કરવા માટે તૈયાર થયા હતા. સંયુક્ત કિસાન મોરચાએ નક્કી કર્યું હતું કે, વાતચીત ફરી શરૂ કરવામાં આવશે. ખેડૂતોએ સરકાર સાથે મીટિંગ માટે ૨૯ ડિસેમ્બરે સવારે ૧૧ વાગ્યાનો સમય આપ્યો છે, પણ ૪ શરતો રાખી છે.

કમિશન ફોર ધ એર ક્વોલિટી મેનેજમેન્ટ ઓર્ડિનેન્સ હેઠળ સજાના પ્રોવિજન ખેડૂતો પર લાગૂ ન થાય. ઓર્ડિનેન્સમાં સુધારો કરીને નોટિફાઈ કરવામાં આવે. આંદોલન વચ્ચે વડાપ્રધાન મોદી સોમવારે વીડિયો કોન્ફરન્સ દ્વારા ૧૦૦મી ખેડૂત રેલવેને લીલી ઝંડી આપીને રવાના કરશે. આ કાર્ગો ટ્રેન મહારાષ્ટ્રના સંગોલાથી પશ્ચિમ બંગાળના શાલીમાર જશે. આ મલ્ટી કમોડિટી ટ્રેન ફુલાવર, શિમલા મરચા, મરચા અને ડુંગળી સાથે સંતરા, દાડમ, કેળા, સફરજન વગેરે લઈને જશે.વડાપ્રધાન કાર્યાલયે આ માહિતી આપી. આંદોલનથી પાછા આવેલા હોશિયારપુરના ખેડૂતનું હાર્ટઅટેક અને તલવંડી સાબોના ખેડૂતનું ઠંડીથી મોત થઈ ગયું છે.

એક મહિનાથી કૃષિ કાયદાના વિરોધમાં દિલ્હી ખેડૂત આંદોલનમાં ગયેલા હોશિયારપુર જિલ્લાના ગામ રડાના એક ખેડૂતનું ઘરે પાછા ફરતી વખતે હાર્ટઅટેકથી મોત થયું હતું. મૃતક ખેડૂતની ઓળખ ભૂપિંદર સિંહ પુત્ર મોહન સિંહ તરીકે થઈ છે. તો આ તરફ તલવંડી સાબોના ગામ ભાગીવાંદરના ગુરપ્યાર સિંહનું ઠંડીના કારણે શુક્રવારે રાતે ઘરમાં મોત થયું. તે ૨૦ દિવસથી ટિકરી બોર્ડર પર સેવા આપી રહ્યાં હતા. મોરચામાં ઠંડી લાગી ગઈ હતી.ગુરુવારે હાલત ગંભીર થઈ જતા ઘરે લઈ જવાયા, જ્યાં શુક્રવાર મોડી રાતે તેમનું નિધન થઈ ગયું.

## પાકિસ્તાનની સેનાનું હેલિકોપ્ટર ક્રેશ, પાયલટ સહિત ૪ લોકોનાં મોત

મુલ્તાન,
પાકિસ્તાનમાં સેનાનું એક હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થતા ચાર લોકોનાં મોત થયા છે. પાકિસ્તાન સેનાએ કહ્યું કે, બચાવ અભિયાન દરમિયાન સેનાનું હેલિકોપ્ટર ક્રેશ થયું હતું, જેમાં ચાર લોકોનાં મોત થયા છ. સેનાએ જણાવ્યું હતું કે, હેલિકોપ્ટર હિમસ્ખલનના કારણે મૃત્યુ પામેલા એક જવાનનો મૃતદેહ લઈ જઈ રહ્યું હતું, ત્યારે તકનીકી ખામીના કારણે એસ્તોર જિલ્લાના ઉત્તરી મિનીમર્ગ એરિયામાં શનિવારે સાંજે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ ઘટનામાં મૃત્યુ પામનાર લોકોમાં પાયલટ, કો-પાયલટ અને બે સેનાના જવાન સામેલ હતા.

## દેશના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કોરોના રિકવરી રેટ ૯૦%થી વધુ

ન્યુ દિલ્હી,
નવા વર્ષે એટલે ૨૦૨૧માં કોરોના મહામારી માંથી છૂટકારો મળવાની આશા વધી રહી છે. એકબાજુ ભારતમાં જ્યાં કોરોના વેક્સીનની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે ત્યાં હવે સંક્રમણની ઝડપ પર પણ બ્રેક લાગતી દેખાય રહી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના મતે દેશમાં કોરોનાના દર્દીઓના સ્વસ્થ થવાની સંખ્યા ઝડપથી વધવાની સાથે જ એક્ટિવ કેસની સંખ્યામાં સતત ઘટાડો આવ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના મતે દેશના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં હવે કોરોના રિકવરી રેટ ૯૦ ટકાથી વધુ પહોંચી ગયો છે. ભારતમાં અત્યારે કુલ ૨.૭૭ ટકા એક્ટિવ કેસ છે. ભારતમાં કોરોના દર્દીઓના સાજા થવાનો આંકડો ૯૭ લાખ ૪૦ હજારથી ઉપર પહોંચી ગઈ છે. સ્વાસ્થ્ય મંત્રાલયના મતે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં સાજા થવાનો દર ૯૦ ટકાથી વધુ છે. જેમાં ૭૩.૫૬ ટકા સાજા થનાર દર્દી ૧૦ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી છે. કેન્દ્રીય સ્વાસ્થય મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા તાજેતરના આંકડા પ્રમાણે ભારતમાં છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના ૧૮૭૩૨ નવા કેસ સામે આવ્યા છે. જ્યારે ૨૭૯ કોરોના દર્દીઓના મોત થયા છે. તો આ દરમ્યાન ૨૧૪૩૦ કોરોના દર્દીઓને હોસ્પિટલમાંથી રજા મળી છે.

## ૨૪ વર્ષથી ફરાર દાઉદના ખાસ સાગરિતને ગુજરાત ATSએ ઝારખંડથી ઝડપી પાડ્યો



રાંચી,
ગુજરાત એટીએસને મોટી સફળતા મળી છે. એટીએસે અંડરવર્લ્ડ ડૉન દાઉદ ઈબ્રાહિમના સાગરિત માઝિદ કુટ્ટીને ઝારખંડથી ઝડપી પાડ્યો છે. આરોપી છેલ્લા ૨૪ વર્ષથી ફરાર હતો. તે દાઉદ ઈબ્રાહિમનો ઘણો જ અંગત માનવામાં આવે છે. ગુજરાત એટીએસે આ પહેલા દાઉદ ઈબ્રાહિમનો જમણો હાથ માનવામાં આવતો બાબુ સોલંકીની પણ ધરપકડ કરી હતી. મળતી માહિતી પ્રમાણે, ૨૩ ડિસેમ્બર

(અનુ.પાના.નં.૨)

## WHOની ચેતવણી: કોરોનાએ છેલ્લી મહામારી નહીં



વૉશિંગટન,
વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનએ કહ્યું છે કે કોરોના વાઈરસ વિશ્વની છેલ્લી મહામારી નથી. જલવાયું પરિવર્તન અને પ્રકૃતિની સુરક્ષાના ઉપાય કર્યા વિના માનવ સ્વાસ્થ્યને સુધારવાના પ્રયત્નો સફળ ન થઈ શકે. "હું"નાં ચીફ ટેડ્રોસ ગેબ્રયેસસે કહ્યું કે કોરોના સામેની લડતમાં, ફક્ત રૂપિયાના ખર્ચા કરવાથી કંઇ પણ થશે નહીં. આપણે ભવિષ્ય માટેની તૈયારી પણ કરવી પડશે. કોરોના વાયરસને છુપાવવામાં ચીન ની મદદના આરોપોથી ઘેરાયેલા વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના પ્રમુખ ટેડ્રોસ અધનોમએ ચેતવણી આપી છે કે કોવિડ-૧૯ મહામારી છેલ્લી નથી. તેમણે કહ્યું કે જળવાયુ પરિવર્તનને રોકયા વગર અને પશુઓના કલ્યાણ વગર વ્યક્તિના સ્વાસ્થ્યને સુધારવાનો પ્રયાસ નકામો છે. તેમણે કહ્યું કે દુનિયા 'ખતરનાક રીતે કંઈપણ લાંબુ વિચાર્યા વગર' કોરોના વાયરસને રોકવામાં પૈસા ઉડાડી રહ્યું છે પરંતુ કોઈપણ દેશ આગળની મહામારી માટે તૈયાર નથી.

ટેડ્રોસ એ રવિવારના રોજ આંતરરાષ્ટ્રીય મહામારી તૈયારી દિવસ પર આપેલ પોતાના એક વીડિયો મેસેજમાં કહ્યું કે અત્યારનો સમય કોરોના વાયરસ મહામારીમાંથી પાઠ શીખવવાનો છે. તેમણે કહ્યું કે લાંબા સમયથી દુનિયા એ ભય અને ઉપેક્ષાના એક ચક્રમાં કામ કર્યું છે. આપણે મહામારી આવવા પર પૈસા ઉડાવી દઈએ છીએ અને જ્યારે આ ખત્મ થઈ જાય છે તો આપણે એ ભૂલી જઈએ છીએ કે આગળની મહામારીને રોકવા માટે આપણે કંઈ કરતા નથી. આ ખતરનાક રીતે ખૂબ જ નાની વિચારસરણી છે અને સ્પષ્ટપણે સમજવામાં કઠિન છે. કોરોના વાયરસના થોડાંક મહિના પહેલા સપ્ટેમ્બર ૨૦૧૯માં આવેલ હેલ્થ ઈમરજન્સી પર વૈશ્વિક તૈયારી દેખરેખ રિપોર્ટમાં કહ્યું હતું કે આ ધરતી વિનાશકારી મહામારી માટે ખૂબ જ અફસોસજનક રીતે તૈયાર છે.

ટેડ્રોસે કહ્યું કે ઈતિહાસ આપણને બતાવે છે કે આ છેલ્લી મહામારી હશે નહીં અને મહામારી જીવનનું એક સત્ય છે. મહામારી બતાવે છે કે મનુષ્ય, પ્રાણીઓ અને ધરતીના સ્વાસ્થ્યની વચ્ચે ઉંડો સંબંધ છે. "હું" ચીફે કહ્યું કે વ્યક્તિના સ્વાસ્થ્યને સુધારવાનો કોઈ પણ પ્રયાસ ત્યાં સુધી નકામો છે જ્યાં સુધી કે વ્યક્તિ અને પ્રાણીની વચ્ચે મહત્વપૂર્ણ ઈંટરફેસને ઉકેલવામાં ના આવે. સાથો સાથ જળવાયુ પરિવર્તનની જગ્યાએ આપણા અસ્તિત્વ પર ખતરો ઉભો થયો છે અને આ આપણી પૃથ્વીને ઓછી રહેવા યોગ્ય બનાવી રહ્યું છે. આપને જણાવી દઈએ કે કોરોના વાયરસથી અત્યાર સુધીમાં દુનિયાભરમાં ૧૭ લાખ ૫૦ હજાર લોકોના મોત થયા છે અને ચીનમાં તે સામે આવ્યા બાદ ૮ કરોડ લોકો તેનાથી સંક્રમિત થઈ ચૂકયા છે.

**Assure Cab**
Never miss a flight
BECAUSE WE ASSURE CAB ALWAYS ON TIME.
CALL OR WHATSAPP
7490866866
Travel One Way
Pay One Way
ARE YOU STILL PAYING FOR TWO WAY CHARGES ?
GPS ENABLED ■ DOOR TO DOOR ■ SANITIZED CAR ■ TOLL TAX INCLUDED

| : AIRPORT FARES : | | : GUJARAT TO MAHARASHTRA : | |
|---|---|---|---|
| VADODRA TO AHMEDABAD | : Rs.1399 | RAJKOT TO MUMBAI | : Rs.8499 |
| SURAT TO TO AHMEDABAD | : Rs.3299 | AHMEDABAD TO MUMBAI | : Rs.6499 |
| SURAT TO MUMBAI | : Rs.3299 | VADODRA TO MUMBAI | : Rs.5499 |
| RAJKOT TO AHMEDABAD | : Rs.2299 | SURAT TO MUMBAI | : Rs.3299 |
| BHUJ TO AHMEDABAD | : Rs.3999 | | |

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વડાતલાવ આદિવાસી સેવા. સહ. મં.લી
મુ. ઢીંકવા-૧, તા. હાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વડાતલાવ આદિવાસી સેવા. સહ. મં.લી
મુ. ઢીંકવા-૨, તા. હાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

નરવતસિંહ મનહરસિંહ પરમાર
મુ. મદાર, તા. હાલોલ

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## મહીસાગરમાં આજે ૦૪ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોના ના કુલ ૧૯૨૫ પોઝીટીવ કેસ નોંધાયા



લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી સુ નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાના ૦૩ પુરૂષો, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૭-૧૨-૨૦૨૦ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૯૨૫ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૩ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં વતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૮૨૨ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૦૫૧૧૪ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૩૧૯ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૭ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૩૩ દર્દી હોમ આઈસોલેશન, ૦૦ દર્દી લુણાવાડા (ઈઈઈ), ૦૨ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૭ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી પર દર્દીઓ સ્ટેબલ, ૦૭ દર્દીઓ ઓકિસજન પર છે.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના માત્ર ૧૮ હજાર ૫૭૫ સંક્રમિત કેસ નોંધાયા



ન્યુ દિલ્હી,

દેશમાં કોરોનાના દર્દી ફક્ત સાજા જ નથી થઈ રહ્યાં, પણ હવે નવા કેસમાં પણ ઘટાડો થઈ રહ્યો છે. શનિવારે માત્ર ૧૮ હજાર ૫૭૫ નવા દર્દી નોંધાયા. ૨૧ હજાર ૪૬૬ સાજા થઈ ગયા, જ્યારે ૨૮૦ લોકોના મોત થઈ ગયા. એક્ટિવ કેસમાં ૩૧૮૧નો ઘટાડો થયો. એક્ટિવ કેસનો અર્થ જે દર્દીઓની સારવાર ચાલી રહી છે. ડિસેમ્બરમાં ત્રીજી વખત છે, જ્યારે નવા કેસ ૨૦ હજારથી ઓછા નોંધાયા છે. આ પહેલા ૧૬ ડિસેમ્બરે ૧૮ હજાર ૧૭૨ દર્દી મળ્યા, ૨૧ ડિસેમ્બરે ૧૯ હજાર ૧૪૭ અને ૨૬ ડિસેમ્બરે ૧૮ હજાર ૫૭૫ દર્દીઓનો રિપોર્ટ પોઝિટીવ નોંધાયો. આ પહેલા ૧લી જુલાઈએ ૧૯ હજાર ૪૩૦ કેસ નોંધાયા હતા. પછી ૧૫ ડિસેમ્બર સુધી એક વાર પણ આ આંકડો ૨૦ હજારથી ઓછો નથી થયો. દેશમાં અત્યાર સુધી ૧.૦૧ કરોડ કેસ નોંધાઈ ચૂક્યાં છે. ૯૭.૬૦ લાખ દર્દી સાજા થઈ ચૂક્યાં છે. જ્યારે ૧.૪૭ લાખ લોકોના મોત થઈ ચૂક્યાં છે. હવે એક્ટિવ દર્દીઓના કેસમાં ભારત હવે દુનિયાનો ૧૦મો દેશ બની ગયો છે. અહીં હવે ૨.૮૦ લાખ એક્ટિવ દર્દી છે.

આ કેસમાં અમેરિકા પહેલા નંબરે છે. અહીં સૌથી વધુ ૭૬ લાખ એક્ટિવ કેસ છે. કોરોના વેક્સિનના આવવાના એંધાણ વચ્ચે કેન્દ્રીય શિક્ષણ મંત્રી રમેશ પોખરિયાલ નિશંકે શનિવારે મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, આગામી વર્ષે યોજાનારી સીબીએસઈ બોર્ડ પરીક્ષાઓનું ટાઈમ ટેબલ ૩૧ ડિસેમ્બરે જાહેર કરી દેવાશે. બ્રિટનમાં મળેલા કોરોનાના નવા સ્ટ્રેનને અટકાવવા માટે શનિવારે કોવિડ-૧૯ પર બનાવાયેલી નેશનલ ટાસ્ક ફોર્સની બેઠક યોજાઈ. જેમાં સ્વાસ્થ્ય વિભાગ નીતિ આયોગ અને આઈસીએમઆરના નિષ્ણાત સામેલ થયા. તમામે કોરોનાના નવા સ્ટ્રેન પ્રમાણે દેશમાં ટેસ્ટિંગ, ટ્રીટમેન્ટ અને સર્વિલાન્સ અંગે વાતચીત કરી. તેલંગાણા અને ઈન્દોરમાં બ્રિટનથી આવતા ૨-૨ યાત્રિ કોરોના સંક્રમિત થયા છે. પશ્ચિમ બંગાળમાં ૧૦માંની બોર્ડની પરીક્ષા ૧થી ૧૦ જૂન સુધી યોજાશે. એજ્યુકેશન બોર્ડ તેના માટે નોટિફીકેશન જાહેર કરી દીધું છે. અહીં શનિવારે ૬૫૫ લોકો કોરોના પોઝિટીવ થયા. ૯૮૮ લોકો સાજા થયા અને ૨૩ લોકોના મોત થયા. અત્યાર સુધી ૬ લાખ ૨૨ હજાર ૯૪ લોકો સંક્રમણના સકંજામાં આવી ચૂક્યાં છે. જેમાં ૬ લાખ ૪ હજાર ૭૪૬ લોકો સાજા થઈ ચૂક્યાં છે, જ્યારે ૬૯૧૧ની સારવાર ચાલી રહી છે. સંક્રમણથી જીવ ગુમાવનારની સંખ્યા હવે ૧૦ હજાર ૪૩૭ થઈ ગઈ છે. રાજ્યમાં શનિવારે ૧૦૦૬ લોકો કોરોના સંક્રમિત થયા છે. ૧૧૨૯ સાજા થયા અને નવ લોકોના મોત થયા છે. અત્યાર સુધી ૨.૩૭ લાખ લોકો સંક્રમણના સકંજામાં આવી ચૂક્યાં છે. જેમાંથી ૨.૨૩ લાખ સાજા થઈ ચૂક્યા છે. ૩૫૪૫ લોકોના મોત થયા છે, ૧૦ હજાર ૩૨૯ની સારવાર ચાલી રહી છે. અહીં શનિવારે ૮૯૦ સંક્રમિત થયા હતા. ૧૦૦૨ લોકો સાજા થયા અને સાત લોકોના મોત થયા છે. અત્યાર સુધી ૨.૪૦ લાખ લોકો સંક્રમણના સકંજામાં આવી ચૂક્યાં છે. જેમાંથી ૨.૨૬ લાખ લોકો સાજા થઈ ચૂક્યાં છે. ૪૨૭૫ લોકોના મોત થઈ ચૂક્યાં છે, જ્યારે ૧૦ હજાર ૪૧૨ દર્દીઓની સારવાર ચાલી રહી છે. રાજ્યમાં શનિવારે ૭૮૫ લોકો કોરોના સંક્રમિત થયા છે. ૯૯૦ લોકો સાજા થયા અને સાત લોકોના મોત થયા છે. અત્યાર સુધી ૩.૪ લાખ કેસ સામે આવી ચૂક્યાં છે. જેમાંથી ૨.૯૦ લાખ દર્દી સાજા થઈ ચૂક્યાં છે. ૨૬૬૪ સંક્રમિતોના મોત થયા છે, જ્યારે ૧૧ હજાર ૪૮૮ લોકોની સારવાર ચાલી રહી છે.

## હવામાન વિભાગે ૨૯ ડિસેમ્બરથી રાજ્યોમાં કોલ્ડવેવ અંગે ઓરેન્જ એલર્ટ કર્યું જાહેર

ન્યુ દિલ્હી,

ઠંડીથી હાલમાં તો કોઈ રાહત દેખાતી નથી. રવિવારથી ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થઈ રહ્યું છે, ત્યારબાદ પંજાબ, હરિયાણા અને ચંદીગઢ સહિત ઘણા રાજ્યોમાં વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે ૨૯ ડિસેમ્બરથી આ રાજયોમાં કોલ્ડવેવ અંગે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. હાડ થીજાવતી ઠંડી વચ્ચે રાજસ્થાનના ૬ શહેરોમાં તાપમાન ૫ ડિગ્રી નીચે આવી ગયુ છે, જ્યારે, પટના સહિત સમગ્ર બિહારમાં પારો ૧૦ ડિગ્રી પર આવી ગયો છે. આ ઉપરાંત હિમાચલના કિન્નૌર, લાહૌલ-સ્પીતી અને ચંબાના પર્વતોમાં હિમવર્ષા થઈ શકે છે. રાજ્યમાં ફરી ઠંડીની અસર વર્તાઈ રહી છે. તાપમાનનો પારો એકથી બે ડિગ્રી સુધી ઘટ્યા બાદ શનિવારે રાત્રે રાજસ્થાનના છ શહેરોમાં તાપમાન પાંચ ડિગ્રી નીચે રેકોર્ડ થયું હતુ. વાદળછાયા વાતાવરણને કારણે દિવસનું તાપમાન પણ ૧૮ થી ૨૦ ડિગ્રી વચ્ચે રહેવાની સંભાવના છે.

બીજી તરફ રાજસ્થાનમાં ગઈકાલે રાત્રે ફતેહપુરમાં ૧.૪ ડિગ્રી સાથે સૌથી ઠંડુ રહ્યું હતુ. જયપુરમાં તાપમાનનો પારો ૮.૪ ડિગ્રી નોંધાયું હતુ. હવામાન વિભાગે રાત્રીના તાપમાનમાં ૩ થી ૫ ડિગ્રી જેટલો ઘટાડો થવાની આગાહી કરી છે. રાજ્યમાં ઠંડી ફરી એકવાર તેની અસર બતાવી શકે છે. રવિવારે હરિયાણામાં વરસાદ પડાવની સંભાવના છે. વાદળછાયું બન્યા પછી, વરસાદની સિસ્ટમ અહીં સક્રિય થઈ છે. આને કારણે હરિયાણામાં વાદળછાયું વાતાવરણ છવાઈ શકે છે. રવિવાર અને સોમવારે હળવા વરસાદની શક્યતા છે. પટના સહિત સમગ્ર બિહારમાં તાપમાનનો પારો ૧૦ ડિગ્રીની નીચે ગગડ્યો છે.

લોકોને હાલમાં ઠંડીથી રાહત મળે તેવી કોઈ સંભાવના જણાઈ રહી નથી. હવામાનશાસ્ત્રીઓનું કહેવું છે કે પર્વતો પર થઈ રહેલી હિમવર્ષાની અસર મેદાની વિસ્તારોપર જોવા મળી રહી છે. શનિવારે ગયા બિહારનો સૌથી ઠંડો જિલ્લો રહ્યો હતો. પટનાનું લઘુતમ તાપમાન ૮.૨ ડિગ્રી સેલ્સિયસ હતું, જે સામાન્ય કરતા ૧.૨ ડિગ્રી ઓછું હતું. રાંચી સહિત ઝારખંડના મોટાભાગના જિલ્લામાં તાપમાન ૨૭ડિસેમ્બરથી ૧ જાન્યુઆરી સુધી લાઘટમ તાપમાન ૧૦થી ૧૧ ડિગ્રી વચ્ચે રહેવાની સંભાવના છે. જ્યારે, મહત્તમ તાપમાન ૨૫ થી ૨૬ ડિગ્રી વચ્ચે રહેવાની શકયતા છે. શનિવારે, રાંચીમાં મહત્તમ તાપમાન ૨૫.૪ ડિગ્રી નોંધાયું હતું, અને લઘુત્તમ તાપમાન ૯.૭ નોંધાયું હતું. ૨૪ કલાકની અંદર રાંચીમાં તાપમાનમાં વધારો નોંધાયો છે.

## કૃષિ કાયદા મામલે RLPએ NDAનો સાથ છોડ્યો

જયપુર,

કેન્દ્ર સરકારે ત્રણ નવા કૃષિ કાયદા લાગુ કર્યા તેના વિરોધમાં ભાજપની આગેવાની હેઠળના નેશનલ ડેમોક્રેટિક અલાયન્સ (એનડીએ)માંથી એક વધુ પાર્ટી અલગ થઈ છે. પંજાબમાં શિરોમણી અકાલી દળ અલગ થયા બાદ હવે રાજસ્થાનમાં હનુમાન બેનીવાલની આગેવાની હેઠળની રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટી (આરએલપી)એ જાહેરાત કરી છે કે તે એનડીએથી અલગ થાય છે.

બેનીવાલે રાજસ્થાનના અલવર જિલ્લાની સરહદ પર ખેડૂત દેખાવકારોને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે ખેડૂતોની વિરુદ્ધમાં હોય એવા કોઈની પણ સાથે અમે રહીશું નહીં. હું કંઈ એનડીએ સાથે ફેવિકોલથી જોડાયો નથી. બેનીવાલની પાર્ટી કેન્દ્રમાં તેમજ રાજસ્થાનમાં પણ ભાજપની સહયોગી હતી. બેનીવાલ રાજસ્થાનના નાગૌરના સંસદસભ્ય છે.

કૃષિ કાયદાના અમલના વિરોધમાં તેમણે ત્રણ સંસદીય સમિતિઓ – ઉદ્યોગો, પેટ્રોલિયમ તથા નેચરલ ગેસ સમિતિઓમાંથી રાજીનામું પણ આપી દીધું છે. દરમિયાન, આજે ખેડૂતોના આંદોલનનો ૩૨મો દિવસ છે. ખેડૂત સંગઠનના નેતાઓએ કહ્યું છે કે તેઓ કૃષિ કાયદા મામલે મડાગાંઠ ઉકેલવા કેન્દ્ર સરકાર સાથે ૨૯ ડિસેમ્બરે ફરી ચર્ચા કરવા તૈયાર છે.

## શરદ પવારને અધ્યક્ષ બનાવવા શિવસેનાનું સામનામાં સૂચન

મુંબઈ,

યુપીએના નેતૃત્વ પર ફરી સવાલો ઉઠયા છે. આ વખતે મહારાષ્ટ્રમાં કોંગ્રેસના સાથી પક્ષ શિવસેનાએ જ આ સવાલ ઉઠાવ્યો છે. શિવસેનાએ પોતાના મુખપત્ર સામનામાં એક લેખમાં સલાહ આપી છે કે યુપીએએ હવે નેતૃત્વમાં ફેરબદલ કરવા જોઈએ અને એનસીપીના વડા શરદ પવારને યુપીએના વડા બનાવવા જોઈએ. શિવસેનાએ સાથે જ વર્તમાન યુપીએને એનજીઓ જેવી ગણાવી દીધી છે સાથે જ રાહુલ ગાંધીની નેતૃત્વ ક્ષમતા પર પણ સવાલો ઉઠાવ્યા છે. શિવસેનાએ કહ્યું છે કે રાહુલ ગાંધી મહેનતપૂર્વક કામ તો કરી રહ્યા છે પણ તેમના નેતૃત્વમાં કેટલીક ખામી છે. કોંગ્રેસને હવે વચગાળાના નહીં પણ ફુલટાઈમ અધ્યક્ષની જરૂર છે.

હાલ યુપીએમાં શરદ પવાર જ એવા નેતા છે કે જેઓ આ પદ સંભાળી શકે તેમ છે, તેમના અનુભવને કારણે પીએમ મોદી પણ તેમની સલાહ લે છે. ભાજપના વિરોધ માટે જ્યાં સુધી યુપીએના બધા જ પક્ષો સામેલ નહીં થાય ત્યાં સુધી વિપક્ષ સરકાર સામે અસરકારક સાબિત નહીં થાય. નબળા વિપક્ષને કારણે જ સરકાર ખેડૂતો અને કૃષિ કાયદા મુદ્દે બેફિકર છે. સરકારના આ પ્રકારના વલણનું કારણ નબળો વિપક્ષ છે. યુપીએના નેતૃત્વમાં ફેરફાર કરવાની હાલ જરૂર છે. શિવસેનાએ સામનામાં કહ્યું છે કે યુપીએ નામના એક રાજનીતિક સંગઠનની કમાન કોંગ્રેસ પાસે છે, યુપીએ હાલ એક એનજીઓની જેમ કામ કરી રહી છે. તે જ કારણ છે કે યુપીએના ગઠબંધનમાં સામેલ પક્ષો ખેડૂતોના આંદોલન પર સાવ નરમ છે અને માત્ર એનસીપી જ અવાજ ઉઠાવી રહી છે. એનસીપીના વડા શરદ પવારમાં યુપીએની આગેવાની લેવાની ક્ષમતા છે. બીજી તરફ શિવસેનાની આ સલાહને કોંગ્રેસે ફગાવી દીધી છે. સાથે એવી સલાહ આપી છે કે જે પક્ષો યુપીએમાં સામેલ જ ન હોય તેઓએ યુપીએના નેતૃત્વ અંગે સલાહ ન આપવી જોઈએ. કોંગ્રેસના નેતા અને પૂર્વ મુખ્ય પ્રધાન અશોક ચવાણે શિવસેનાને સલાહ આપતા કહ્યું છે કે શરદ પવારે ખુદ કહ્યું છે કે તેઓ યુપીએની કમાન નહીં સંભાળે તો પછી આવી સલાહ આપનારી શિવસેના કોણ? યુપીએમાં સામેલ ન હોવાથી શિવસેનાએ આવી સલાહ ન આપવી જોઈએ અને અમને સોનિયા ગાંધીના નેતૃત્વ પર પુરો વિશ્વાસ છે અને અમારૂ સમર્થન છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૨૮-૧૨-૨૦૨૦, સોમવાર, માગશર સુદ-૧૪, સૂર્યોદય-૭-૨૬, સૂર્યાસ્ત-૬-૦૯, જૈન નવકારશી-૮-૧૩, આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ રોહિણી

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૧૨-૨૭ થી અભિજીત-૧૩-૧૦ સુધી,૭-૨૬ થી અમૃત-૮-૪૭ સુધી,૧૦-૦૮ થી શુભ ૧૧-૨૮ સુધી, ૧૪-૦૯ થી ચલ-લાભ-અમૃત-ચલ-૧૯-૫૦ સુધી, ૨૩-૦૯થી લાભ-૨૪-૪૯ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૨૬ થી ૮-૨૦ સુધી, ૯-૧૪ થી ૧૦-૦૮ સુધી, ૧૧-૫૫ થી ૧૪-૩૬ સુધી, ૧૫-૩૦થી ૧૬-૨૩ સુધી |

### વડાપ્રધાન મોદીએ વર્ષ ૨૦૨૦ની છેલ્લી 'મન કી બાત' દ્વારા લોકોને સંભોધતા કહ્યું

## દરેક ઘરમાં 'વોકલ ફોર લોકલ' ગૂંજી રહ્યું છે



ન્યુ દિલ્હી,

વડાપ્રધાન મોદીએ વર્ષ ૨૦૨૦ની અંતિમ મન કી બાત કાર્યક્રમ દ્વારા સંબોધતા લોકોને ફરી લોકલ ફોર વોકલ માટેની વાત કરી. વડાપ્રધાનેકાર્યક્રમને સંબોધન કરતાં કહ્યું કે નવું વર્ષ ચાર દિવસ પછી શરૂ થવા જઈ રહ્યું છે. આગામી વર્ષે નવા વર્ષની મન કી બાત થશે. વર્ષ ૨૦૨૦નો આ મોદીનો છેલ્લો 'મન કી બાત' કાર્યક્રમ હતો. આજે ૨૭ ડિસેમ્બર છે. ૪ દિવસ પછી નવું વર્ષ શરૂ થવા જઈ રહ્યું છે. આગામી મન કી બાત ૨૦૨૧માં થશે. મારી સામે તમારા લખેલા ઘણા બધા પત્રો આવ્યા છે. આપ પત્ર દ્વારા સૂચનો મોકલો છો. ઘણા લોકોએ ફોન પર વાત કરી. મોટાભાગની વાતોમાં પાછલા વર્ષોના અનુભવ અને નવા વર્ષનાં સંકલ્પો છે. મોદીએ મન કી બાતમાં સંબોધન કરતાં કહ્યું કે, મિત્રો, દેશ પર ઘણું સંકટ આવ્યું, વિશ્વમાં સપ્લાય ચેઈનમાં અવરોધો પણ આવ્યા, પરંતુ આપણે દરેક કટોકટીનો હિંમતથી સામનો કર્યો છે. દિલ્હીના અભિનવને બાળકોને ગિફ્ટ આપવી હતી તે દિલ્હીના ઝાંડેવાલાન માર્કેટમાં ગયા હતા. અભિનવ કહે છે કે ત્યાં દુકાનદારો ત્યાં બોલીને સામાન વેચતા હોય છે કે આ રમકડા ભારતમાં બનાવવામાં આવે છે.

લોકોને ભારતમાં બનાવેલા રમકડા પણ પસંદ આવી રહ્યા છે. આ ફેરફાર એક વર્ષમાં થયો છે. અર્થશાસ્ત્રીઓ પણ આ સ્કેલને માપી શકતા નથી. વિશાખાપટ્ટનમના વેંકટ મુરલીપ્રસાદ જીએ મને એક અલગ વિચાર શેર કર્યો. તેઓ લખે છે- હું તમને ૨૦૨૧ માટે મારા એબીસી સાથે જોડું છું. એબીસીનો અર્થ શું છે તે મને સમજાયુ નહીં. પછી વેંકટ જીએ પત્ર સાથે એક ચાર્ટ પણ જોડ્યો. એબીસીનો અર્થ આત્મનિર્ભર ભારત ચાર્ટ એબીસી. જે ખૂબ જ રસપ્રદ છે. વોકલ ફોર લોકલ તે આજે ઘરે ઘરે ગુંજી રહ્યું છે. આવી સ્થિતિમાં, હવે આપણાં ઉત્પાદનો વર્લ્ડ ક્લાસ છે તેની ખાતરી કરવાનો સમય છે. જે વૈશ્વિક શ્રેષ્ઠ છે, આપણે તેને ભારતમાં બનાવીને બતાવીએ. આ માટે, આપણાં ઉદ્યોગસાહસિકોએ આગળ આવવું પડશે.

સ્ટાર્ટઅપ્સને પણ આગળ આવવું પડશે. ભારતમાં દીપડાઓની સંખ્યામાં વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૮ની વચ્ચે ૬૦%થી વધુનો વધારો થયો છે. ૨૦૧૪માં દેશમાં દીપડાની સંખ્યા લગભગ ૭,૯૦૦ હતી, જ્યારે ૨૦૧૯માં તેની આ સંખ્યા વધીને ૧૨,૮૫૨ થઈ ગઈ. દીપડા વિશે, જિમ કોર્બેટે કહ્યું હતું કે, "જેમણે દીપડાને મુકતપણે ભટકતા જોયા નથી, તેઓ તેની સુંદરતાની કલ્પના કરી શકતા નથી." દીપડાઓની સૌથી વધુ વસ્તી ધરાવતા રાજ્યોમાં મધ્યપ્રદેશ, કર્ણાટક અને મહારાષ્ટ્ર ટોપ પર છે. આ એક મોટી સિદ્ધિ છે. મોદીએ કહ્યું કે મેં તામિલનાડુના હાર્દિકના હદયસ્પર્શી પ્રયત્નો વિશે વાંચ્યું. આપણે બધાએ માણસોવાળી વ્હીલચેર્સ જોઈ છે, પરંતુ કોઈમ્બતુરની એક પુત્રી ગાયત્રીએ તેના પિતાજીની સાથે એક પીડિત કૂતરા માટે વ્હીલચેર બનાવી. આ ત્યારે જ થઈ શકે છે જ્યારે વ્યક્તિ દરેક જીવ પ્રત્યે દયા અને કરુણાનો ભાવ રાખે. ઉત્તરપ્રદેશની કૌશાંબી જેલમાં ગાયોને ઠંડીથી બચાવવા માટે જુના ફાટેલા ધાબળામાંથી કવર બનાવવામાં આવી રહ્યા છે.

(પાન નં.૧ નું ચાલુ)

### ૨૪ વર્ષથી ફરાર દાઉદના.....

૧૯૯૬ના દિવસે મહેસાણાની દૂધસાગર ડેરી પાસે બોમ્બે ગેસ્ટ હાઉસ પર દરોડા દરમિયાન ચાર કિલો આરડીએક્સ, ૧૧૫ પિસ્તોલ, ૭૫૦થી વધારે કાટ્રીજ અને ૧૦ ડેટોનેટર મળ્યા હતા. આ દરોડા દરમિયાન મળેલી પિસ્તોલ અને બુલેટ્સ પાકિસ્તાનમાં બનેલી હતી.

હથિયારોનો આ જથ્થો રાજસ્થાનના બાડમેર સીમાથી ભારત મોકલવામાં આવ્યો હતો. જેને મુંબઇ અને અમદાવાદ મોકલવાના હતા. આપને જણાવી દઈએ કે, આ દરોડા બાદ માઝિદ કુટ્ટી મલેશિયા જતો રહ્યો હતો. છેલ્લા ૨૪ વર્ષથી માઝિદ મલેશિયામાં જ હતો. પરંતુ ગુજરાત એટીએસને નકલી પાસપોર્ટના આધારે તેના પરત ફરવાની ખબર મળી હતી. આરોપી ૨૦૧૯માં ભારત પાછો ફર્યો હતો અને ઓળખ સંતાડીને રહેતો હતો. આ અંગેની ગુજરાત એટીએસને જાણકારી મળી હતી. જેથી તેને ઝારખંડથી પકડી પાડવામાં આવ્યો છે.

થોડા સમય પહેલા ગુજરાત એટીએસએ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના જમણા હાથ ગણાતા બાબુ સોલંકીની પણ ધરપકડ કરી લીધી હતી. બાબુ સોલંકી મૂળ મહેસાણાના ઊંઝાનો છે અને હાલમાં મુંબઈમાં રહેતો હતો. બાબુ સોલંકી એટીએસ દ્વારા ૨૦૦૬મા દાખલ કરવામાં આવેલા એક ગેન્ગવોરના કેસમાં વોન્ટેડ હતો અને ત્યારબાદ તે ૧૪ વર્ષથી નાસતો ફરતો હતો.

## કોરોનાને પગલે આ વખતે નહિ યોજાય અમદાવાદમાં ફ્લાવર શો

અમદાવાદ,

અમદાવાદના લાખ્ખો પ્રકૃતિ પ્રેમીઓ જેની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે તે ફ્લાવર શો આ વખતે નહીં યોજાય. દર વર્ષે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં અમદાવાદમાં ફ્લાવર શો યોજાય છે. આ ફ્લાવર શોની સંખ્યાબંધ લોકો મુલાકાત લેતા હોય છે. પરંતુ આ વખતે કોરોના મહામારીને કારણે ફ્લાવર શો રદ કરવામાં આવ્યો છે.

કોરોના મહામારી સતત તેને કહેર બતાવ્યો છે. જેને કારણે અનેક કાર્યક્રમો રદ કર્યા છે. ત્યારે કોરોનાને ધ્યાનમાં લઈને એએમસી ગાર્ડન વિભાગ દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. જાન્યુઆરી મહિનાના પ્રથમ સપ્તાહમાં યોજાનાર ફ્લાવર શો રદ કરવામાં આવ્યો છે. આ ફ્લાવર શોનો દૂર-દૂરથી લોકો મુલાકાત લેવા આવતા હોય છે. પરંતુ લોકોની ભીડ થવાને લઈ કોરોના સંક્રમણ વધી શકે છે. આ કારણથી ફ્લાવર શો રદ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે દર વર્ષે ફ્લાવર શો અલગ અલગ થીમ પર યોજવામાં આવે છે. કોરોનાના કારણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યોજવામાં આવતો કાર્નિવલ રદ કર્યો હતો. ત્યારે કાર્નિવલ બાદ જાન્યુઆરીમાં યોજાતો ફ્લાવર-શો પણ રદ કર્યો છે.

## દૈનિક રાશીફળ

તા.૨૮.૧૨.૨૦૨૦ સોમવાર

મેષ(અ,લ,ઈ): આજના દિવસે મોટાભાગનો સમય પરિવારના લોકો સાથે કોઈ વિશેષ યોજના અંગે ચર્ચા-વિચારણાં થશે. કામ વધારે રહેશે.

વૃષભ(બ,વ,ઉ): આજે કોઈ વિશેષ કાર્યને પૂર્ણ કરવામાં તમારો વધારે સમય પસાર થશે. મીડિયા અને સંપર્ક સૂત્રો દ્વારા કોઈ એવી જાણકારી મળશે કે તમારા કામ સરળ થઈ જશે.

મિથુન(ક.છ.ઘ): આજે કોઈ પારિવારિક અટવાયેલાં કાર્યોને પૂર્ણ કરો. ઘરમાં સુકૂન અને શાંતિનું વાતાવરણ રહેશે.

કર્ક(ડ,હ): પારિવારિક, ધાર્મિક તથા અધ્યાત્મિક કાર્યોમાં રસ રહેશે. મકાન, દુકાન વગેરેને લગતા રિનોવેશનનું પ્લાનિંગ થશે. સમય ઉત્તમ છે.

સિંહ(મ,ટ): તમારા વ્યક્તિત્વ અને વાણી દ્વારા લોકો તમારાથી પ્રભાવિત થશે. સામાજિક તથા પારિવારિક લોકો તરફ વિશેષ માન-સન્માન પણ મળશે.

કન્યા(પ,ઠ,ણ): આ સમય ભાગ્ય ઉન્નતિ માટે શુભ અવસર બની રહ્યા છે. થોડા સમયથી ચાલી રહેલી ચિંતાઓથી રાહત મળશે. પરિવારના લોકોની દરેક નાની-મોટી જરૂરિયાત પૂર્ણ કરવામાં તમને આનંદ મળશે.

તુલા(ર.ત.): પરિવારની સુખ-શાંતિ તમારા માટે પ્રાથમિકતા રહેશે. કામકાજ અને પરિવારમાં સારું તાલમેલ પણ જળવાયેલું રહેશે.

વૃશ્ચિક(ન.ય.): સમય લાભદાયક છે. કોઈપણ કાર્ય તથા મહેતનનું યોગ્ય પરિણામ પ્રાપ્ત થશે. જો કોઈ પ્રોપર્ટીને લગતો વિવાદ ચાલી રહ્યો હોય તો તેને ઉકેલવાનો સમય છે.

ધન(ભ,ધ,ફ,ઢ): જૂની ભૂલોથી બોધપાઠ લઈને આજે તમે પોતાના માટે સારી નીતિઓ ઉપર વિચાર કરશો. પોતાને સારી સ્થિતિમાં અનુભવ પણ કરશો.

મકર(ખ.જ.): છેલ્લાં થોડા સમયથી ચાલી રહેલી પરેશાનીમાં નજીકના મિત્ર કે સંબંધીનો સહયોગ મળશે. સંપત્તિને લગતાં કોઈપમ કાર્ય પૂર્ણ થઈ શકે છે.

કુંભ(ગ,સ,શ,ષ): સમય તમારા પક્ષમાં છે. મનમાં ચાલી રહેલી દુવિધાનું સમાધાન મળશે. બાળકો દ્વારા પણ કોઈ શુભ સમાચાર મળવાથી ઘરમાં પ્રસન્નતાનું વાતાવરણ રહેશે.

મીન(દ,ચ,ઝ,થ): સમયની ગતિ તમારા પક્ષમાં છે. સામાજિક સીમા વધશે. ઘરમાં મહેમાનોના આવવાથી આવભગતમાં સુખમય સમય પસાર થશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દે.બારીઆના યુવકે વર્લ્ડ મિકસ બોકસીન ચેમ્પિયન શીપમાં ગોલ્ડ મેડલ મેળવીને દાહોદ જીલ્લાનું નામ રોશન કર્યું



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆના નાનકડા અને અત્યંત ગરીબ પરિવાર માંથી આવતા મુસા રાઈસનામના યુવકે દેશની સાથે સાથે દાહોદ જિલ્લાનું પણ નામ રોશન કર્યું છે. ગરીબ પરિવાર માંથી આવતા મુસા રાઈસે ધોરણ ૧૦ સુધી શિક્ષણ હાંસલ કરીને ખેલકૂદની દુનિયામાં જવાનું સ્વપ્ર બનાવી લીધું હતું અને આજે તેમની પોતાની મહેનતના કારણે તેમનું સ્વપ્રપૂર્ણ થતા ભારત દેશનું નામ રોશન કર્યું છે. એવા મુસા રાઈસને ખેલ કૂદની અંદર બોક્સીંગ માં રૂચી હતી ત્યાર બાદ મુસા રાઈસે કિક બોક્સ બસોમાં એન્ટ્રી કરતા બરોડા ખાતે તેમને ત્રણ ગોલ્ડ મેડલ હાંસલ કર્યા હતા. ત્યાર પછી સ્ટેટ લેવલમાં પણ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી (એમ.એમ.એ.) મિક્ષ માર્શલ આર્ટ ઈન્ડિયન ઓપન ચેમ્પિયનશીપમાં ભાગ લઈને મુસા રાઈસે ૭ મેડલ અને એક ટાઈટલ બેલ્ટ હાંસલ કર્યો હતો અને ત્રણ વાર ઈન્ડિયન પ્રીઝન સાઉદ આફ્રિકાના જુહોનીસ બર્ગમાં બ્રિાન્જ મેડલ તેમજ બેહરીનના મનામા ખાતે ક્વોલિફાઈડ થઈને ઈન્ડિયા આવ્યા હતા અને દિલ્હી ખાતે ગોલ્ડ મેડલ હાંસલ કર્યો અને ત્યારબાદ મુસા રાઈસની ખેલદિલી જોઈને બેહરીન ગવર્મેન્ટ દ્વારા મુસા રાઈસને બેહરીનમાં રહીને બોકસીંગ રમવા માટેની ઓફર પણ કરવામાં આવી હતી અને બેહરીન ગવર્મેન્ટ દ્વારા તેમને જણાવવામાં આવ્યું હતું કે મુસા રાઈસ બેહરિનમાં સ્થાઈ થઈ જાય અને તેમને રહેવા કરવાની દરેક સુવિધાઓ પુરી પાડવામાં આવશે બંગલો, ગાડી અને પગાર જેવી અનેક સુવિધાઓની ઓફર આપવાની જાહેરાત કરાઈ હતી. ત્યારે તેમને બેહરીન ગવર્મેન્ટની ઓફરને ઠોકર મારી હિન્દુસ્તાન આવી ગયા હતા અને તેમને જણાવ્યું હતું કે મારે હિન્દુસ્તાનમાં રહીને કામ કરવું છે અને હિન્દુસ્તાનનું નામ ફલક ઉપર રોશન કરવા માંગુ છું . હાલમાં જોવા જઈએ તો મુસા રાઈસે ભલે ભણતર ઓછું મેળવ્યું છે, પરંતુ તેમને ભારત દેશનું નામ રોશન કર્યું છે દાહોદ જિલ્લાના ગરીબ પરિવારમાંથી આવતા મુસા રાઈસ ઈચ્છી રડ્યા છીએ કે બહારના દેશો જે સ્થાન આપવાની વાતો કરે છે. એ જ સ્થાન જો ભારત સરકાર આપે અને ભારતમાં જ રહીને ભારત દેશનું નામ રોશન કરવા માટેની તેમની ઈચ્છા જાહેર કરી હતી. ત્યારે આજ રોજ બેહરીન ખાતેથી દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા ખાતે આવી પહોચેલા મુસા રાઈસનું જોરદાર સન્માન કરવામાં આવ્યું હતું.

# દાહોદ પ્રાયોજના વહીવટદારની ક્યેરી બહાર અધુરી ગટર લાઈન ઉભરાતાં રોગચાળાનો ભય

દાહોદ,

દાહોદ જિલ્લામાં કોરોના નો કહેર દિવસે દિવસે વધતો જાય છે તેવા સમયે કોરોના સંક્રમણ ની ચેન તોડવામાં વ્યસ્ત સ્થાનિક તંત્ર શહેરમાં કેટલીક જગ્યાએ સફાઈના મામલે કોઈ ને કોઈ કારણસર આંખ આડા કાન કરતું હોય તેવું પ્રતિત થઈ રહ્યું છે. ત્યારે શહેરની પ્રાયોજના વહીવટદારની કચેરી ની સામે આવેલ અધુરી બનાવેલી ગટરના ઉભરાતા દુર્ગંધ મારતા ગંદા પાણી પ્રાયોજના વહીવટદારની કચેરીના કમ્પાઉન્ડ સુધી પ્રસરી ગંદકી ફેલાવી રોગચાળાના ભયને વેગ આપી રહ્યા છે. અને સ્થાનિક તંત્રની સફાઈના મામલે પોકારાતી મોટી મોટી ગુલબાંગોની પોલ ખોલી રહ્યા છે. ત્યારે છાશવારે ઉભરાતી આ ગટરના ગંદા પાણીનો યોગ્ય અને સુચારુ રીતે નિકાલ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. દાહોદ શહેર સહિત જિલ્લામાં કોરોના નો કહેર દિનપ્રતિદિન વધી રહ્યો છે તેમાંય વળી દાહોદ શહેરની સ્થિતિ ખરેખર ચિંતાજનક છે કોરોનાને ડામવાના પ્રયાસો કરતા તંત્રની હાલત અત્યારે એક સાંધે ત્યાં તેર તૂટે જેવી છે. તેવા સમયે દાહોદ શહેરમાં સફાઈ નો મુદ્દો વિસરાયો હોય તેવું લાગી રહ્યું છે. દાહોદ તાલુકા પંચાયત કચેરીના પાછળના ભાગે પ્રાયોજના વહીવટદારની કચેરી આવેલ છે. આ કચેરીમાં રોજેરોજ જિલ્લામાંથી કેટકેટલાય લોકો કામ અર્થે આવે છે અને આ કચેરીની સામે એક તરફ ચા-નાસ્તાની લારીઓ આખો દિવસ ઉભી રહે છે અને ત્યાં દિવસ દરમિયાન લોકોની ભારે ભીડ રહે છે. તેમજ બીજી તરફ પ્રાયોજના વહીવટદાર કચેરીની બિલકુલ સામે સુલભ શૌચાલય આવેલ છે અને તે સુલભ શોચાલય ની આગળ ગટર બનાવવામાં આવેલ છે અને તે ગટર જળ ભવન તરફથી આવે છે અને સુલભ શૌચાલય નજીક પૂરી થઈ જાય છે અને આગળ ગંદુ પાણી જવાની કોઈ સગવડ ઊભી કરવામાં આવી નથી જેના કારણે આ ગટરના ગંદા અને દુર્ગંધ મારતા પાણી રોડ પર ફેલાઈ પ્રાયોજના વહીવટદાર ની કચેરીના કમ્પાઉન્ડમાં રેલાઈ ગંદકી ફેલાવી રોગચાળાનો ભય ઊભો કરી રહ્યા છે ભૂતકાળમાં પણ કેટલીય વખત અખબારી માધ્યમ દ્વારા આ સમસ્યા બાબતે જવાબદાર તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું હતું તેમ છતાં આજ દિન સુધી કોઈને કોઈ કારણસર આ સમસ્યા યથાવત રહેવા પામી છે કોરોના કાળમાં આ સમસ્યાનો જેમ બને તેમ જલ્દી ઉકેલ લાવવામાં આવે તે સૌના હિતમાં છે.

# દાહોદમાં ત્રણ ઈસમો દ્વારા ફાતમબુ સેન્ટરને તાળું મારવાની કોશીષ કરી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ શહેરમાં ત્રણ જેટલા ઈસમોએ પોતાના સામાન્ય વાતો પાર પાડવા માટે શહેરમાં આવેલ હુસામી મહોલ્લા ફાતમબુ સેન્ટર ને તારા મારવાની કોશિશ કરી તેમજ મારી નાખવાની ધમકી આપતા પોલીસ માં ફરિયાદ નોંધાવવાનું જાણવા મળે છે.

ફિરોઝ ખાન જાન મહંમદખાન પઠાણ રહેવાસી ઠક્કર ફળિયા દાહોદ, યુનુસભાઇ કાદરભાઈ સાજી રહેવાસી કસ્બા જુના વણકરવાસ અને અબાલ ઈલ્યાસ ખાન પઠાણ રહેવાસી કસ્બા આ ત્રણે જણાએ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી અને ગુનાહિત કાવતરું રચી ફિરોજખાન જાનમોહમ્મદ પઠાણ દ્વારા એજાઝ ખાન પઠાણ રહેવાસી કસ્બાની ટ્રસ્ટની ઓફિસને તાળા મારવા માટે યુનુસભાઇ શાજી ને બે લાખ રૂપિયા પણ નથી કરી રૂપિયા એક લાખ આપ્યા હતા અને યુનુસભાઇ સાજીએ તાળા મારવા માટે અબ્બાસ પઠાણને રૂપિયા ૧૦,૦૦૦ આપી તાળા મારવાની કોશિશ કરી એજાઝ ખાન ને મારી નાખવાની ધમકી આપી ભારે ધિંગાણું મચાવતા આ સંબંધે એજાજ ભાઈ પઠાણ દ્વારા ઉપરોક્ત ત્રણેય વ્યકિતઓ વિરુદ્ધ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દાહોદ પંડ્યા ફાર્મ સોસાયટી પાસેથી બાઈક ઉપર લઈ જવાતા ૨૬ હજારના દારૂ સાથે બે ઝડપ્યા

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ પંડ્યા ફાર્મ સોસાયટી આગળથી મોટરસાયકલ પર વિદેશી દારૂ ભરી હેરાફેરી કરતા બે વ્યક્તિઓની પોલીસે અટક કરી તેઓની પાસે રહેલ કંતાનના થેલામાંથી કુલ રૂપિયા ૨૬,૧૬૦ ના જથ્થા સાથે મોટરસાયકલ કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તારીખ ૨૬ મી ડિસેમ્બરના રોજ કિરણભાઈ દૂધે સિંઘ કલારા રહેવાસી ખરેડી અને તેની સાથે ઈલાશભાઈ મોહનીયા રહેવાસી ખરેડી પોતાના એક મોટરસાયકલ પર સવાર થઇ પોતાની સાથે વિદેશી દારૂ તથા બિયર દાહોદ શહેરમાં આવેલ ફાર્મ સોસાયટી નજીક થી પસાર થઇ રહ્યા હતા.આ દરમિયાન ત્યાંથી પેટ્રોલીંગમાં નીકળેલા પોલીસને આ ઉપરોક્ત બંને જણા ઉપર શંકા જતાં તેઓને ઊભા રખાવ્યા હતા અને તેઓની પાસે રહેલ કંતાનના થેલાની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ તથા બિયર ની કુલ બોટલો નંગ ૨૦૨ જેની કિંમત રુપિયા ૨૬,૧૬૦ તેમજ મોટર સાયકલ ની કિંમત મળી કુલ રૂપિયા ૫૧,૧૬૦ નો મુદ્દામાલ દાહોદ શહેર પોલીસે કબજે લઇ ઉપરોક્ત બંને ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કરણી સેનાની રાત્રિ કર્ફ્યૂ રાતના ૧૧થી સવારના ૬ સુધી રાખવા મુખ્યમંત્રીને અપીલ

ગાંધીનગર,

કોરોનાનું સંક્રમણ વધુ ફેલાય નહીં તે માટે રાજ્ય સરકારે ગુજરાતના ચાર મહાનગરો અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં રાતના ૯થી સવારના ૬ વાગ્યા સુધી રાત્રિ કર્ફ્યૂ લાગુ કર્યો છે. પરંતુ ગુજરાત રાજપુત કરણી સેનાએ રાત્રિ કર્ફ્યૂના સમયમાં ફેરફાર કરવા માગણી કરી છે. ગુજરાત રાજપુત કરણી સેનાએ નાના વેપારીઓને નુકસાન ન પહોંચે તે માટે ચાર મહાનગરોમાં રાત્રિ કર્ફ્યૂનો સમય રાતના ૧૧થી સવારના ૬ વાગ્યા સુધીનો રાખાવા મુખ્યમંત્રી વિજય રૂપાણીને અપીલ કરી છે.

ગુજરાત રાજપુત કરણી સેનાના પ્રદેશ અધ્યક્ષ જે.પી. જાડેએ જણાવ્યું હતું કે, હું રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીને એક અપીલ કરવા માગુ છું કે, કોરોના મહામારીમાં સરકારે ખબૂ જ સારા પ્રયત્નો કર્યા છે. પરંતુ હાલમાં ચાર મહાનગરોમાં કર્ફ્યૂ લાદવામાં આવ્યો છે તેમાં ફેરફાર કરીને રાતના ૯ વાગ્યાના બદલે રાતના ૧૧થી સવારના ૬ વાગ્યા સુધી રાખવામાં આવે. સાંજનો સમય એવો છે કે, સાંજના ૬થી ૯ વાગ્યા સુધીમાં નાના-મોટા કારખાનેદારો, ખાણીપીણીવાળા અને પાનના ગલ્લાવાળાઓને અસર કરે છે. આથી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને અપીલ કરૂ છું કે, રાતના ૧૧ વાગ્યાથી કર્ફ્યૂનો સમય રાખવામાં આવે તો લોકો માટે ખૂબ જ ઉપયોગી થશે. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સે મુખ્યમંત્રીને રાત્રિ કર્ફ્યૂની સમય મર્યાદામાં ફેરફાર કરવા રજૂઆત કરી હતી. તેમાં જણાવ્યું હતું કે, ૩ મહિનાના લોકડાઉનમાં વેપાર ઉદ્યોગ બંધ રહ્યા હતા. જેને કારણે વેપારમાં પારાવાર મુશ્કેલી પડી.

# દાહોદ ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ બાળકો અને દર્દીઓને બિસ્કીટ અને ચોકલેટ વહેંચી

દાહોદ

દાહોદમાં આવેલ ઝાયડસ હોસ્પિટલમાં ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા દ્વારા હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા બાળકો તેમજ ઈમરજન્સી વોર્ડના દર્દીઓને બિસ્કીટ તેમજ ચોકલેટ આપી ક્રિસમસની તેઓની સાથે ઉજવણી કરી હતી.

હંમેશા ૨૪ કલાક પ્રજાની સેવામાં નિરંત રહેતી એવી ૧૦૮ ઈમરજન્સી એબ્લ્યુલંશ સેવાના કર્મચારીઓ દ્વારા ક્રિસમસની અનોખી ઉજવણી કરી હતી. દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં કોવિડ-૧૯ વિભાગ, ડિલીવરી વિભાગ, હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ બાળકો વિગેરેને બિસ્કીટ, ચોકલેટ આપી હતી. આ સાથે જ કોવિડ-૧૯માં ફરજ બજાવતાં ડોકટરોને ફુલ, બુકે આપી સમ્માનિત કર્યા હતા.

# ગરબાડા તાલુકા છેલ્લા ૧૦ વર્ષમાં થયેલ શૌચાલયોના બીલો નહીં ચુકવાતા સરપંચોમાં છુપો રોષ જોવા મળ્યો

દાહોદ,

દાહોદ જિલ્લામાં છેલ્લા બે - ત્રણ દિવસથી ગુજરાત રાજ્યના ગૃહ રાજ્ય મંત્રી દાહોદ જિલ્લામાં રોકાણ કર્યું હતુ અને ગરબાડા, ઝાલોદ,લીમખેડા જેવા તાલુકાઓમાં કાર્યક્રમો પણ યોજાયા હતા. આ કાર્યક્રમમાં ગરબાડા તાલુકામાં જે સુશાસન દિન નિમિત્તે કિશાન કલ્યાણ કાર્યક્રમમાં ઉપસ્થિ રહ્યા હતા. આ દિવસે એક તરફ ગરબાડામાં ગૃહરાજ્ય મંત્રીનો કાર્યક્રમ યોજાતો હતો અને બીજી તરફ ગરબાડા તાલુકાના સરપંચો અને મંડળીઓ દ્વારા અનેક ગણગણાટ પણ જોવા મળ્યો હતો. ગરબાડા તાલુકામાં જેટલી પણ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ છે તેટલી ગ્રામ પંચાયતના સરપંચો અને મંડળીઓ દ્વારા ગરબાડા તાલુકામાં છેલ્લા ૧૦ વર્ષોના સમયગાળા દરમ્યાન શૌચાલયોના કામકાજ કરવામાં આવ્યા હતા.આ કામકાજના બિલોના નાણાં આજદિન સુધી સરપંચ મંડળીઓને ન ચુકવાતાં ગરબાડા તાલુકાના સરપંચોમાં છુપો આક્રોશ પણ જોવા મળ્યો હતો અને જાણવા મળ્યા અનુસાર, ટુંક સમયમાં આ શૌચાલયો સહિતના કામકાજના બિલોના નાણાં ચુકવવામાં નહીં આવે તો આમરણ ઉપવાસ સહિતની ચીમકી પણ ગરબાડા તાલુકાના સરપંચ મંડળીઓ દ્વારા જાણવા મળી રહ્યું છે.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા જાહેર જનતાના હિત માટે અનેકવિધ યોજનાઓ બહારે પાડવામાં આવે છે તે સાથે જ યોજનાઓ અંતર્ગત અનેક ગ્રાંન્ટોની ફાળવણી પણ કરવામાં આવે છે ત્યારે ગરબાડા તાલુકાની ગ્રામ પંચાયતોમાં સરકાર દ્વારા ફાળવેલ શૌચાલયોના નાણાં આજદિન સુધી સરપંચો, મંડળીને ન ચુકવાતાં સરપંચો સહિત મંડળીઓના અનેક પ્રશ્નો ઉઠવા પામ્યા છે. લગભગ ૧૦ વર્ષોના સમયગાળા દરમ્યાન ગરબાડા તાલુકાના ગ્રામ પંચાયતોની મંડળીઓ દ્વારા ગરબાડા તાલુકામાં અનેક શૌચાલયો સહિતની કામગીરી કરવામાં આવી છે. કામગીરી કર્યા બાદ આ બિલો લાગતાં વળગતાં અધિકારીઓના ટેબલ પર મુકતાં આજદિન સુધી આ કામોના બિલો મંજુર ન કરતાં ગરબાડા તાલુકાના સરપંચ મંડળીઓની હાલત કફોડી બની હોવાનું પણ કહેવાય છે. આ સાથે જ સરપંચ મંડળીઓમાં આક્રોશ પણ જોવા મળી રહ્યો છે. દાહોદ જિલ્લાના લાગતા વળગતાં તંત્રને આ બાબતે અનેકવાર રજુઆતો કર્યા છતાંય પણ આ બિલોના નાણાં ન ચુકવાતાં ગરબાડા તાલુકાની ઘણી ગ્રામ પંચાયતોની મંડળીઓ આવનાર દિવસોમાં વિરોધ વંટોળનો સહારો લે તેવી અંદરખાને ચર્ચાઓ પણ વહેતી થઈ છે. અનેક વાર રજુઆતો કરવા છતાંય લાગતા વળગતાં તંત્ર દ્વારા કોઈ ચોક્કસ જવાબ આપવામાં આવતો ન હોવાનું સામે આવ્યું છે. ઉપરથી જ ગ્રાન્ટ નથી આવી તો તમને કેવી રીતે બિલના નાણાં ચુકવીએ તેવા જવાબો આપવામાં આવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગરબાડા તાલુકામાં સમાવિષ્ટ જેટલી પણ ગ્રામ પંચાયતો આવેલ છે તેઓના અનેક કામોના બિલો વહેલામાં વહેલી તકે ચુકવવામાં આવે તેવી અહીંના સરપંચ મંડળીઓની લાગણી અને માંગણી ઉઠવા પામી છે.

# દાહોદ જીલ્લાના ઝાલોદ ખાતે ST નિગમના નિવૃત્ત કર્મચારીઓની મીટીંગ યોજાઈ

દાહોદ,

આજરોજ તારીખ ૨૭મી ડિસેમ્બરના રોજ ગુજરાત મજુર યુનિયન હેઠળ દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાં નિવૃતિ એસ.ટી.કર્મચારી ભાઈઓના કમીટીના પાંચ સભ્યો ભેગા મળી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ મીટીંગમાં નિવૃત એસ.ટી.કર્મચારી ભાઈઓના પેન્શનમાં વધારો કરવા બાબતે ચર્ચા વિચારણ કરવામાં આવી હતી.

મીટીંગમાં થયેલ ચર્ચાઓ પ્રમાણે, ગુજરાત મજુર યુનિયન ઝાલોદ દ્વારા જણાવ્યા અનુસાર, દરેકનું સરકાર સાંભળે છે તો નિવૃત એસ.ટી.કર્મચારીઓનું કેમ નથી સાંભળતાં? તે પણ એક પ્રશ્ન કર્યો હતો. વધુમાં તેઓ દ્વારા જણાવ્યા અનુસાર, એસ.ટી.કર્મચારીઓ દ્વારા હજુ પણ સરકારની સામે કોઈપણ જાતના સરકાર વિરૂદ્ધ ફરીયાદો કરી નથી. પેન્શન વધારા બાબતે લાગતાં વળગતાં તમામ અધિકારીઓને તથા પદાધિકારીઓને વારંવાર રજુઆતો કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય લેવલે નિવૃત એસ.ટી.કર્મચારીઓને આજે મોંઘવારીનાં સમયમાં તથા કોરોના જેવી મહામારીના સમયમાં નિવૃતિ એસ.ટી.કર્મચારીઓ કેવી રીતે પોતાનું ગુજરાન ચલાવે? યુનિયનના પ્રમુખ વિનય સાધુના જણાવ્યા અનુસાર, કમીટીના સભ્યો મંત્રીને રૂબરૂમાં મળવાના છીએ અને ત્યાર બાદ તેઓ કેવો પ્રતિભાવ આપે છે. તે દિશામાં આગળ વધીશું તેમ તેઓએ જણાવ્યું હતું.

# દાહોદ જીલ્લામાં હિરેન પટેલ હત્યાકાંડ તેમજ નકશલ પ્રવૃતિની તપાસ માટે ATSના ધામા




દાહોદ,

દાહોદ જિલ્લામાં ગઈકાલ રાત્રીથી એટીએસ અને ક્રાઈમ બ્રાન્ચે ધામા નાંખ્યા છે. દાહોદમાં એટીએસનું સર્ચ ઓપરેશન હાથ ધરાયું છે. હિરેન પટેલ હત્યાકાંડ તેમજ નકશલ પ્રવૃતિઓની તપાસને લઈને આ ઓપરેશન ચાલી રહ્યું છે.

બિલોશા બબિતા કશ્યપને લઈને આ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. બબિતા દાહોદમાં બે થી ત્રણ મહિના રહી હોવાની વિગતો સામે આવી હતી. જેના આધારે આ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. દાહોદના લીમડી, ઝાલોદ, સંજેલી જેવા મથકોમાં બિલોસા બબિતા કશ્યપ દ્વારા જે જે લોકોનો સંપર્ક કરાયો હતો તે વિસ્તારોમાં એટીએસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. દાહોદ જિલ્લામાં નકસલી પ્રવૃતિઓ ચાલતી હોવાના અહેવાલો મળતા આ સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. જાણવા મળ્યા અનુસાર, આ બિલોસા બબિતા કશ્યપ આદિવાસીઓ માટે લડત લડે છે. ભુતકાળમાં નકસલ પ્રવૃતિઓ માટે અમદાવાદ એટીએસ દ્વારા આ બિલોસા બબિતા કશ્યપની અટક કરી હતી તેની પુછપરછ દરમ્યાન દાહોદ જિલ્લામાં તે ત્રણ મહિના રહી હતી અને અલગ - અલગ તાલુકાઓમાંથી તેણે મુલાકાત લીધી હતી તે સંદર્ભે અમદાવાદ એટીએસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ ગઈકાલ રાતથી દાહોદ જિલ્લામાં આ મામલે તપાસ કરી રહી છે અને ગૃહ મંત્રી પણ આજે દાહોદ જિલ્લાની મુલાકાતે ફરી આવ્યા હતા અને ઝાલોદ હિરેન પટેલ હત્યાકાંડ મામલે ફરી આજે હિરેન પટેલના ઘરની મુલાકાત આજે બીજી વખત લીધી હતી અને ઝાલોદ મામલતદાર, પ્રાંત કચેરીમાં ગૃહ મંત્રીએ આજે એટીએસના ઉચ્ચ અધિકારીઓ સાથે આ બંન્ને મામલે બેઠક પણ કરી હોવાનું જાણવા મળી રહ્યું છે અને આ મીટીંગમાં મીડીયા કર્મચારીઓને દુર રાખવામાં આવ્યા હતા અને ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ મીડીયા સાથે વાતચિતમાં જણાવ્યા અનુસાર, હિરેન પટેલના હત્યાકાંડના જે પણ આરોપીઓ છે જેમાં જે પકડાયેલ છે અને જે પકડવાના બાકી છે તેની શોધખોળ સહિત તજવીજ ચાલુ છે અને તપાસ પણ ચાલી રહી છે અને બબિતા બિલોસ કશ્યપ મામલે તેઓને પુછતાં તેઓએ જણાવ્યું હતુ કે, આ મામલે એટીએસ દ્વારા તપાસ કરી છે અને હાલ આવી કોઈ એકટીવી દયાને આવી નથી પરંતુ તેમ છતાંયે આ મામલે સમગ્ર ગુજરાતમાં આ મામલાની વાત બહાર આવી છે તે દિશામાં તપાસ ચોક્કસ કરવામાં આવશે.

વધુમાં જાણવ મળ્યા અનુસાર, બિલોસા બબિતા કશ્યપ ગુજરાત રાજ્યમાં જ્યાં જ્યાં ગઈ હતી. ત્યાં એટીએસ સહિત પોલીસની ટીમ તપાસ હાથ ધરી રહી છે અને હાલ ગુજરાતમાં આવી કોઈ નક્સલી પ્રવૃતિઓ સામે આવી નથી પરંતુ તપાસનો ધમધમાટ આ દિશામાં ચાલી જ રહ્યો છે.

# ગરબાડાના નળવાઈ ગામે છોકરીના નિકાલ બાબતે મારક હથિયારો સાથે ધિંગાણું મચાવી ઘર સળગાવી દેતાં ફરિયાદ

દાહોદ,

ગરબાડા તાલુકાના નળવાઇ ગામે છોકરો અને છોકરી ભાગી જતા છોકરીના નિકાલની બાબતે ગામમાં રહેતા ૧૫ જેટલા ઈસમોએ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે હાથમાં મારક હથિયારો લઈ યુવકના ઘરે ઘસી આવી કિકિયારીઓ કરી ભારે ધીંગાણું મચાવ્યા બાદ ત્રણથી ચાર વ્યકિતઓને મારી એકનું ઘર સળગાવી દઈ નુકસાન કર્યાનું જાણવા મળે છે.

નળવાઇ ગામએ ગામતળ ફળિયામાં રહેતા ચતુરભાઈ ઉર્ફે કાળુભાઈ ભીખાભાઈ માવી તથા તેમના પરિવારજનો ગત તારીખ ૨૬ મી ડિસેમ્બરના રોજ ઘરે હાજર હતા. તે સમયે નળવાઇ ગામે તેમજ ભે ગામે રહેતા બાબુ ભાઈ અગન ભાઈ ભુરીયા, માનસિંગભાઈ ગલાભાઈ ભુરીયા, હિમચંદભાઈ ભુરીયા, ભલાભાઇ ભુરીયા, પ્રતાપભાઈ ભુરીયા, જેસીંગભાઈ ભુરીયા,શકરાભાઈ સંગાડા તથા તેમની સાથે બીજા આઠ થી ઈસમો ગેરકાયદેસર મંડળી બનાવી કિકિયારીઓ કરી પોતાની સાથે લાકડી,તીર કામઠા, ગોફાનો વિગેરે જેવા મારક હથિયારો લઇ ચતુર ભાઈ ના ઘરે આવી બેફામ ગાળો બોલી કહેવા લાગ્યો કે તમારી છોકરીનો નિકાલ કેમ કરતા નથી. તેમ કહેતા ચતુરભાઈ જણાવેલ કે, છોકરા છોકરી મળી જશે તો તમને છોડી દઈશું આમ કહેતાંની સાથે જ ઉપરોક્ત ટોળું એકદમ ઉશ્કેરાઇ જઇ લાકડી વડે તેમજ ગડદાપાટુનો મારમારી ચતુરભાઈ સુરતી બેન મગનભાઈ વિગેરેને માર માર્યો હતો અને મગનભાઈ ધુળાભાઈ ના ઘર ને સળગાવી દઈ તેમજ તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યું હતું.

આ ધીંગાણા પગલે ચતુરભાઈ માવી દ્વારા ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તમામના ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૧૩ કોરોના કેસ નોંધાવા પામ્યા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૧૩ કોરોના દર્દીઓના સમાવેશ સાથે જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૫૭૮ ને પાર પહોંચ્યો છે. જિલ્લામાં ઉતાર - ચઢાવ વચ્ચે આગળ વધી રહ્યો છે. જ્યારે આજે વધુ ૦૧ દર્દીએ કોરોનાથી જીવ ગુમાવ્યો હતો. આર.ટી.પી.સી.આર.ના ૨૬૫ પૈકી ૧૨ અને રેપીટ ટેસ્ટના ૮૧૭ પૈકી ૦૪ મળી આજે વધુ ૧૩ દર્દીઓનો સમાવેશ થયો છે જેમાંથી દાહોદ અર્બનમાંથીજ ૦૬, ઝાલોદ ગ્રામ્ય માંથી ૦૨, લીમખેડામાંથી ૦૩ અને ફતેપુરમાંથી ૦૨ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૧૬ દર્દીઓને રજા આપતાં એકટીવ કેસની સંખ્યા ૧૪૪ રહેવા પામી છે. ત્યારે અત્યાર સુધી કોરોનાથી કુલ ૯૦ લોકો પોતાનો જીવ ગુમાવી બેઠા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 107

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા પાલિકા વિસ્તારના
# મકનકુવા, શેઠવાડામાં વર્ષોથી પીવાના પાણીની સમસ્યા : પરેશાન રહીશો

- પીવાના પાણીની સમસ્યા હલ ન થાય તો આવનાર ચુંટણીનો બહિષ્કારની ચિમકી.
- ગોધરા મકનકુવા વિસ્તારમાં છેલ્લા કેટલાય વર્ષોથી પાણીની સમસ્યા.
- મકનકુવા વિસ્તારના રહિશોને માત્ર ૫ થી ૧૦ જ મીનીટ મળતા પાણીથી રહિશો પરેશાન.
- ગોધરાના મકનકુવા, શેઠવાડા, ખાટકીવાડ જેવા વિસ્તારોમાં પાણી ન મળવાથી સમસ્યા.
- આ વિસ્તારના લોકોને પાણી લાવવા માટે નજીકના હેન્ડ પંપનો સહારો લેવો પડે છે.
- નગર પાલિકાને રજુઆત કરી કરી થાકયા રહિશો.
- આ વિસ્તારના કાઉન્સીલર આ પાણીની સમસ્યાથી વાકેફ છે તો પણ આ સમસ્યાનું કોઈ સોલ્યુશન નહીં.



ગોધરા,

ગોધરા શહેર મકનકુવા વિસ્તારના રહિશોને છેલ્લા ઘણા વર્ષોથી પીવાના પાણીની સમસ્યા વેઠી રહ્યા છે. આ વિસ્તારમાં એક ટાઈમ મળતાં પાણીનો પુરવઠો માત્ર ૫ થી ૧૦ મીનીટ પાણી મળે છે. ઘણા વર્ષોથી પીવાના પાણીની સમસ્યા સહન કરતાં રહિશો દ્વારા અવારનવાર રજુઆત કરવામાં આવી હોવા છતાં નઘોર પાલિકા તંત્ર દ્વારા આ પ્રશ્વનોનો ઉકેલ લાવવામાં આવતો ન હોય જેને લઈ સ્થાનિક મહિલાઓમાં રોષ જોવા મળ્યો છે.

ગોધરા નગર પાલિકા વિસ્તારના મકનકુવા, શેઠવાડા, ખાટકીવાળ વિસ્તારમાં ઘણા વર્ષોથી લો-પ્રેશર થી પાણીનો પુરવઠો મળતો હોય છે. જેને લઈ આ વિસ્તારના રહિશો પીવાના પાણીની સમસ્યાને લઈ પરેશાન થઈ રહ્યા છે. એક તો આ વિસ્તારમાં લો-પ્રેશરની પાણીનો પુરવઠો મળી રહ્યો છે. તે પણ માંડ ૫ થી ૧૦ મીનીટ પાણી મળી રહ્યું છે. સ્થાનિક રહિશો જણાવી રહ્યા છે કે આ વિસ્તારના રહિશો નગર પાલિકામાં નિયત ટેકસ ભરતા હોવા છતાં પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં નગર પાલિકા તંત્ર નિષ્ફળ રહ્યું છે. છેલ્લા ઘણા વર્ષોથી પીવાના પાણીનો પુરવઠો માત્ર ૫ થી ૧૦ મીનીટ મળતો હોવાને લઈ રહિશો પરેશાન થઈ રહ્યા છે. મકનકુવા, ખાટકીવાડ, શેઠવાડા સહિતના વિસ્તારોમાં ઘણા વર્ષોથી નગર પાલિકા દ્વારા પુરો પાડવામાં આવતા પીવાના પાણીનો પુરવઠો માત્ર ૫ થી ૧૦ મીનીટ આપવામાં આવતો હોવાને લઈ રહિશોને હેન્ડ પંપ ઉપર થી પાણી ભરવાનો વખત આવે છે.



સુરેખાબેન રાઠોડ

અમારા વિસ્તારમાં પાણીની ખૂબ જ સમસ્યા છે. અમારા વિસ્તારમાં માત્ર ૫ થી ૧૦ મીનીટ જ પાણી આવે છે. અમે નગર પાલિકાનો ટેક્સ ભરીએ છે. તે છતાં પાણી મળતું નથી. અમારા નગર પાલિકા કાઉન્સીલરને રજુઆત કરવા છતાં હજુ સુધી પાણીની સમસ્યાનો પ્રશ્ન હલ થયો નથી અને હવે આ પાણીની સમસ્યા હલ નહીં થાય તો અમે નગર પાલિકાની ચુંટણીનો બહિષ્કાર કરીશું.

સ્થાનિક વોર્ડ કાઉન્સીલરો તેમજ નગર પાલિકામાં અવાર નવાર રજુઆત કરવામાં આવી હોવા છતાં પાલિકા તંત્ર દ્વારા પીવાના પાણીની સમસ્યાનો પ્રશ્ન હલ કરવામાં રસ દાખવ્યો નથી. સ્થાનિક રહિશો પીવાના પાણીની સમસ્યાને લઈને



પલકબેન શાહ

હું મકનકુવા વિસ્તારની રહેવાસી છું. અમારે કેટલાય વર્ષોથી પાણીની સમસ્યા છે. અમે નગર પાલિકામાં કેટલીયવાર રજુઆતો કરેલી છે. અને દર બે-ત્રણ દિવસે ટેલિફોનિક ફરિયાદ પણ કરતા રહીએ છીએ તથા નગર પાલિકા અગાઉના જન પ્રતિનિધિઓને પણ આ સમસ્યાથી અવગત કરાવેલ છે. જેમાં કોઈએ પણ અમારી સમસ્યાને ધ્યાને લીધું નથી.

અનેક રજુઆતો કરવા છતાં કોઈ ઉકેલ નહિ આવતાં જીલ્લા કલેકટરને રજુઆત કરવા તેમજ ઉચ્ચકક્ષા એ રજુઆત કરવાનો મૂડ બનાવ્યો છે. ગોધરા નગર પાલિકાના ચુંટાયેલ કાઉન્સિલરોની મુદ્દત પુરી થઈ છે અને ટુંક સમયમાં નગર પાલિકાની ચુંટણીની જાહેરાત થવાની છે. તેવા સમયે મકનકુવા વિસ્તારના રહિશોની પીવાના પાણીની કાયમી સમસ્યાને લઈ બાંયો ચઢાવી છે. જો મકનકુવા, ખાટકીવાડ, શેઠવાળા વિસ્તારના રહિશોની પીવાના પાણીની સમસ્યાનો ઉકેલ લાવવામાં નહિ આવે તો આગામી નગર પાલિકાની ચુંટણીમાં મતદાન બહિષ્કાર કરવાની ચિમકી ઉચ્ચારી છે.

## પાણીની સમસ્યા ન ઉકેલાય તો ચુંટણી બહિષ્કાર કરવાની ચિમકી

ગોધરા નગર પાલિકા વિસ્તારના મકનકુવા, શેઠવાળા, ખાટકીગવાડ વિસ્તારમાં વર્ષોથી પીવાના પાણીની સમસ્યાના સ્થાનિક રહિશો સામનો કરી રહ્યા છે. પીવાના પાણી સમસ્યાને લઈ ચુંટાયેલા પાલિકા સભ્યોને અનેકવાર રજુઆત કરવામાં આવે છે. સાથે પાલિકામાં પણ રજુઆત કરવા છતાં પીવાના પાણીની સમસ્યાનો ઉકેલ લાવવામાં આવ્યો નથી. જેને લઈ સ્થાનિક રહિશો દ્વારા આવનાર નગર પાલિકાની ચુંટણીમાં મતદાન બહિષ્કારની ચિમકી ઉચ્ચારી છે. ત્યારે હવે જોવાનું રહ્યું કે ચુંટણી સમયે વોટ લેવા માટે વાયદાઓ સાથે મેદાનમાં આવતાં શહેરા બાવાઓ પાણીની સમસ્યાને લઈ રોષે ભરાયેલા રહિશોને કેવી રીતે મનાવશે ? પાણીની સમસ્યાનો ઉકેલ આવશે ખરો તે જોવાનું રહ્યું ?

# કાલોલ તાલુકાના રાબોડ ગામમાં છેલ્લા બે દિવસથી દિપડો આંટા ફેરા મારતો જોવા મળતાં ફફડાટ



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકામાં દિપડાના આંતકને લઈ વન વિભાગ સર્તક બન્યું હતું અને માનવભક્ષી દિપડાને મહામહેનતથી પાંજરે પુરવામાં આવ્યો છે. ત્યારે કાલોલ તાલુકાના રાબોડ ગામમાં છેલ્લા બે દિવસ થી વહેલી સવારે દિપડો આંટા મારતો હોય તેવા સીસીટીવી કેમેરામાં કેદ થતાં ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

કાલોલ તાલુકાના રાબોડ ગામના રહેણાંક વિસ્તારમાં શિકારની શોધમાં આંટા મારતો હોય તેવા દ્રશ્યો સ્વામીનારાયણ મંદિર સામે મકાનમાં મુકવામાં આવેલ સીસીટીવીમાં કેદ થયો છે. રાબોડ ગામમાં બે દિવસ થી વહેલી સવારે આંટા મારતા દિપડા દ્વારા કોઈ પશુ કે માનવ ઉપર હુમલો કરવામાં આવ્યો નથી. કાલોલ તાલુકાના રાબોડ ગામ નજીક આપેશ્વરના ડુંગર વિસ્તારમાં દિપડાનો વસવાટ છે અને દિપડો શિકારની શોધમાં ગામમાં આવ્યો હોય શકે છે. રાબોડ આસપાસના ડુંગર વિસ્તારોમાં દિપડાનો વસવાટ છે પરંતુ અત્યાર સુધી આવી રહે ગામમાં આંટા મારતો જોવા મળ્યો નથી. જેને લઈ ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી જવામાં આવ્યો છે. આ બાબતે વન વિભાગને જાણ કરાઈ છે અને દિપડાને પકડી પાડવા માંગ કરી છે.

# ગોધરા-વડોદરા હાઈવે બાસ્કા ગામે પાંચ વાહનો વચ્ચે અકસ્માત : સદ્દનસીબે જાનહાનિ ટળી



ગોધરા,

ગોધરા-વડોદરા હાઈવે રોડ ઉપર બાસ્કા ગામ નજીક વિચિત્ર અકસ્માતની ઘટના બનવા પામી છે. એસ.ટી.બસના ચાલકે અચાનક બ્રેક મારી દેતાં પાછળ આવતાં પાંચ વાનો ઘડાકાભેર અથડાયા હતા. અકસ્માતમાં કોઈ જાનહાનિ થવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા-વડોદરા હાઈવે રોડ ઉપર આવેલ બાસ્કા ગામ પાસેથી પસાર થતી એસ.ટી.બસના ચાલકે પોતાના વાહનને અચાનક બ્રેક મારીને ઉભી રાખી દીધી હતી. જેને લઈ હાઈવે રોડ ઉપર પુરઝડપે આવતાં અન્ય વાહનો એસ.ટી.બસ સાથે ઘડાકાભેર અથડાઈ જવા પામ્યા હતા. એસ.ટી.બસ ચાલકની ભુલને લઈ પાછળ આવતા એસ.ટી., કાર, ટ્રક જેવા વાહનો અથડાવાની ઘટનામાં સદ્દનસીબે કોઈ જાનહાનિ થવા પામી નથી. એક સાથે પાંચ વાહનો વચ્ચે થયેલ અકસ્માનને લઈ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને ટ્રાફિક રાબેતા મુજબ કર્યો હતો.

# પંચમહાલ જીલ્લામાં આજે ૧૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૭૩૪ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૬ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૧૬ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૭૩૪ થવા પામ્યો છે.

- ૩૩ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૬૬.
- મૃત્યુ આંક - ૧૩૦.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૬ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા-૦૯, કાલોલ-૦૩, હાલોલ-૦૨, શહેરા-૦૧, ઘોઘંબા-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

# હાલોલના દાવડા સ્ટેનવુડ ગ્રાઉન્ડ સામે ટેમ્પા માંથી ૮૦ સેન્ટીંગ પ્લેટની ચોરી

હાલોલ,

હાલોલના દાવડા સ્ટેનવુડ રેસીડન્સી સામે ગ્રાઉન્ડમાં ઉભેલ ટેમ્પા માંથી ૮૦ નંગ સેન્ટીંગની પ્લેટો કિંમત ૮ હજારની ચોરી કરી જતાં આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલના દાવડા સ્ટેનવુડ રેસીડન્સીના ગ્રાઉન્ડમાં નંબર જીજે.૦૭.વાયઝેડ.૫૩૩૫ માં મૂકી રાખેલ સેન્ટીંગની પ્લેટો નંગ-૮૦ કિંમત ૮૦૦૦/-રૂપીયાની કોઈ ઈસમો દ્વારા ચોરી કરી ગયેલ હોય આ બાબતે રાજેન્દ્રસિંહ ડામોર એ હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ઘોઘંબા તાલુકાના અંતરિયાળ વિસ્તારના ખેડૂતએ ઝીરો બજેટની પ્રાકૃતિક ખેતીનો સફળ પ્રયોગ કર્યો




તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના વધતા વપરાશના સમયમાં ઘોઘમ્બા તાલુકાના અંતરિયાળ આદિવાસી વિસ્તારમાં સફળ પ્રાકૃતિક ખેતી કરી, નફો રળી સ્થાનિક ખેડુતોને એક નવો રાહ ચીંધ્યો છે. ગજાપુર ગામના સોલંકી મહેન્દ્રસિંહ મહોબતસિંહ ખેતી સાથે છેલ્લા ૨૦ વરસોથી સંકળાયેલ છે. યુવાન અને અતિ ઉત્સાહી એવા આ ખેડુતે ખેતીમાં કઈક નવુ કરીને અલગ કરવાની હોંશ હતી. આજ કારણે નવુ-નવુ જાણવા માટે સોશિયલ મીડિયામાંથી શીખવા સાથે ખેતીવાડી શાખા તેમજ આત્મા પ્રોજેક્ટનો સંપર્ક કર્યો એમાં તેમણે જાણ્યું કે આત્મા પ્રોજેક્ટ દ્વારા પણ ખેડુતલક્ષી વિવિધ તાલિમો, શિબિરો અને આધુનીક ખેતી અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. એમણે ખેડુત તાલીમ કેન્દ્ર, ગોધરા ખાતે આત્મા પ્રોજેકટનો સંપર્ક કરીને સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી ઝીરો બજેટની ખેતી અંગેની માહિતિ મેળવી. આત્મા દ્વાર યોજાયેલ સુભાષ પાલેકર નિવાસી તાલીમમાં ભાગ લઈને સાત દિવસ સુધી તાલીમ મેળવીને જિવામૃત, બીજામૃત, ઘન જિવામૃત, બ્રમ્હાસ્ત્ર, વગેરેની જાણકારી મેળવી. ત્યાં જાણ્યુ કે એક દેશી ગાય દ્વારા આશરે ૩૦ એકરમાં રાસાયણીક ખાતર કે દવાના ઉપયોગ વગર ખેતી કરી શકાય છે અને આજ વાતની મનમાં ગાંઠ વાળીને દેશી ગાય આધારીત ખેતી કરવાનું શરૂ કર્યુ. એ જ અઠવાડીયામાં એમણે દેશી ગાયની ખરીદી કરી. એમાથી પ્રેરણા લઈને એજ વર્ષે એમણે ટામેટાને બિજામૃતનો પટ આપીને જાતે ધરુ બનાવીને વાવેતર કર્યુ. જીવામૃતનો છાંટકાવ કરીને સારૂ એવુ ઉત્પાદન મેળવ્યુ. બીજામૃત વાપરીને ફુગ જન્ય રોગો, અને ઉધઈ અને અન્ય મુળજન્ય રોગોમાંથી છુટકારો મળ્યો. જિવામૃતથી ઉત્પાદન અને ગુણવત્તા વધી અને ટામેટાનો બગાડ ઓછો થયો. કિટનાશક માટે બ્રમાસ્ત્ર અને અગ્નીસ્ત્રનો ઉપયોગ સફળ રહ્યો. એમના જણાવ્યા મુજબ રાસયણીક ખાતરો અને બજારૂ દવાનો ઉપયોગ કર્યા વગર પણ પ્રાકૃતિક ખેતી કરીને પણ સારો નફો મળે છે. આત્મા પ્રોજેક્ટ દ્વારાસરકારની આત્મનિર્ભર યોજનાનો લાભ લઈને ગાય નિભાવ ખર્ચ મેળવીને પ્રાકૃતિક ખેતીને સફળ બનાવી. તેઓ જણાવે છે કે એમને સરકારશ્રી તરફથી વર્ષે ૧૦,૮૦૦/- જેટલી નિભાવ રકમ તેમજ જિવામૃત અને અન્ય બનાવટો માટે કિટ પણ મળી છે. આ ઉપરાંત એમણે મિક્ષ ક્રોપિંગ પદ્ધતીથી કેળાની ખેતીમાં હજારી ગલગોટાનું વાવેતર કરી દીવાળીના સમયે પચાસ હજાર રુપીયાના ફુલોનું વેચાણ કર્યુ અને ટામેટાની ખેતીથી એકરે એક લાખ ઉપરાંતની આવક થઈ. આજે એમણે મકાઈનુ પણ વાવેતર પણ બિજામૃત, જિવામૃત વગેરે થી ખેતી કરી. પાકમા આવતી FAW એટલે કે પુછડે ચાર ટપકા વાળી જિવાતનું પણ દશપર્ણી અર્ક બનાવીને નિયંત્રણ કર્યુ. તેમના સફળ પ્રયોગોએ સાબિત કર્યુ કે પાકમાં બિજામૃત, જિવામૃત અને દશપર્ણી અર્ક જેવા પ્રાકૃતીક સંશાધનો વાપરવાથી એની ગંધના લીધે ભુંડ કે રોઝ જેવા જંગલી જાનવરો પાકને નુકશાન કરતા નથી. એટલે એક સામાન્ય પદ્ધતીથી ફેન્સિંગ કે અન્ય મોંઘી દવાનો ખર્ચ બચી જાય છે. મહેન્દ્રસિંહ એ સિધ્ધ કર્યુ છે કે ઝીરો બજેટની પ્રાકૃતિક ખેતી કરવાથી ખેડુત સમૃદ્ધ તો થશે જ પણ એના થકી એમની જમીન પણ ફળદ્રુપ બનશે. ખેડુતો પણ પ્રાકૃતિક ખેતી મોટા પાયે કરીને ખર્ચ બચાવીને નફો રળી શકે એ માટે આ ખેતી પદ્ધતિ અપનાવવા તેઓ સાથી ખેડૂતોને અનુરોધ કરે છે.

# ગોધરા ખાતે કોંગ્રેસના અનુસુચિત જાતિના ચેરમેનની ઉપસ્થિતીમાં મીટીંગ યોજાઈ



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ના અનુસૂચિત જાતિ ડિપાર્ટમેન્ટ ના ચેરમેન શ્રી તરૂણભાઈ વાઘેલા સાહેબની ઉપસ્થિતિમાં પંચમહાલ જિલ્લા કોંગ્રેસ અનુસૂચિત જાતિ ડિપાર્ટમેન્ટની મીટીંગ પંચમહાલ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ગોધરા ખાતે જિલ્લા અનુસૂચિત ડિપાર્ટમેન્ટ ચેરમેન વકીલ રાજેશભાઈ હડીયલના માર્ગદર્શન પરમાણે પંચમહાલ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અજીતસિંહ ભાટી ની ઉપસ્થિતિમાં યોજાયેલ હતી. જેમાં આવનાર જિલ્લા પંચાયત તાલુકા પંચાયત નગરપાલિકાની સામાન્ય ચૂંટણી ઉપરાંત અનુસૂચિત જાતિ બેઠકો પર સફળતા આ અંગે તેમજ ભાજપ સરકારના વિવિધ રીતે અનુસૂચિત જાતિ ને થઈ રહેલા અન્યાય જાગૃત થઈ કોંગ્રેસને મજબુત કરવા સાથ અને સહયોગ માટે ચર્ચા વિચારણા થઈ હતી.



તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

પંચમહાલ ડેરી ના સહયોગ થી મોરવા હડફ તાલુકાના વંદેલી ગામે ધામની દુધ મંડળીમાં દૂધાળા પશુઓનું સારવાર માટેનો કેમ્પ યોજાયો હતો. જેમાં (૭૦)સીતેર જેટલા દુધાળા પશુઓનું સારવાર કરવામાં આવ્યું હતું. યોગ્ય લોકડાઉનના સમય ગાળા દરમિયાન પડેલી મુશ્કેલી ઓનાં કારણે ખેડતોને દુધાળા પશુઓના સ્વાર્થ જળવાય રહે તેવા સમય થી કેમ્પનું આયોજન પંચમહાલ ડેરીના સહયોગથી કરવામાં આવ્યું હતું.